dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 289 | AD - 2026, Ashadh Sud -11 | Saturday, Dt. 25-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## નડીયાદમાં પણ મેઘરાજાની સટાસટી, અનેક ઘરોમાં વરસાદી પાણી ભરાતા લોકોને ભારે હાલાકી

# મધ્ય ગુજરાતમાં બારે મેઘ ખાંગા : મહેમદાવાદમાં ૨૦ તો માતરમાં ૧૮ ઈંચ વરસાદ

નડિયાદ,તા.૨૪

ખેડા જિલ્લામાં સાર્વત્રિક ભારે વરસાદના કારણે સમગ્ર પંથકમાં જળબંબાકારની અતિ વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને માતર, મહેમદાવાદ, વસો અને નડિયાદ તાલુકામાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા ચારેય તરફ પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. ધોધમાર વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય માર્ગો જળમગ્ન બની જતાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.છેલ્લા ૨૪ કલાકના વરસાદી આંકડા પર નજર કરીએ તો મહેમદાવાદ તાલુકામાં રેકોર્ડબ્રેક ૨૦ ઈંચ અને માતર તાલુકામાં ૧૮ ઈંચ જેટલો અતિભારે વરસાદ ખાબક્યો છે. જ્યારે નડિયાદ શહેરમાં પણ ૧૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આટલા ટૂંક સમયમાં ખાબકેલા ભારે વરસાદના કારણે જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં જળભરાવની સ્થિતિ ગંભીર બની ગઈ છે. અતિભારે વરસાદના પરિણામે ખેડા-ધોળકા હાઈવે સંપૂર્ણપણે બંધ કરવાની ફરજ પડી છે. આ ઉપરાંત માતર-તારાપુર હાઈવે પર પણ માર્ગો પર પાણી ફરી વળ્યા છે. વાહનચાલકો અને રાહદારીઓ પોતાના જીવના જોખમે પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા છે. માર્ગો બંધ થવાના કારણે લાંબો ટ્રાફિક જામ પણ સર્જાયો છે.નડિયાદ શહેરની વાત કરીએ તો ૧૫ ઈંચથી વધુ વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારો સંપૂર્ણપણે બેટમાં ફેરવાઈ ગયા છે. નાના કુંભનાથ રોડ, વાણિયાવાડ સર્કલ અને રબારી વાસ સહિતના વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે. શહેરના તમામ ચાર ગરનાળા પાણીમાં ગરકાવ થઈ જતાં નડિયાદના પૂર્વ



અને પશ્ચિમ વિસ્તારને જોડતો વાહનવ્યવહાર તદ્દન ઠપ્પ થઈ ગયો છે. સ્થિતિને કાબૂમાં લેવા માટે મહાનગરપાલિકાનું તંત્ર હરકતમાં આવ્યું છે. પાણીના નિકાલ માટે પંપિંગ સહિતની કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવી છે. સતત વરસતા વરસાદના કારણે શરૂઆતમાં નિકાલની પ્રક્રિયા ધીમી પડી હતી, પરંતુ બાદમાં વરસાદનું જોર ઘટતાં અને વિરામ મળતાં પાણી ધીમે ધીમે ઓસરવાનું શરૂ થયું છે, જેથી તંત્ર અને સ્થાનિકોએ થોડો રાહતનો શ્વાસ લીધો છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા અનુસાર સવારે ૮ વાગ્યા સુધીમાં જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ નોંધપાત્ર વરસાદ થયો છે. સવારે ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી રાજ્યના ૨૪૨ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો.

સૌથી વધુ પાટણ જિલ્લાના રાધનપુરમાં ૯ ઈંચ વરસાદ પડ્યો, જ્યારે ભાભર અને દિયોદરમાં ૭ ઈંચ વરસાદ વરસ્યો. સુરત અને નવસારીમાં પૂર જેવી સ્થિતિ યથાવત છે. બંને જિલ્લામાં મળીને ચાર મૃતદેહ મળી આવ્યા છે. નવસારીમાં ફસાયેલા ૩૦થી વધુ લોકોને ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. પૂરના કારણે એક હજારથી વધુ કારને નુકસાન થયું છે. જામનગરના કાલાવડમાં ઘોડાપૂરમાં ફસાયેલી કારને ગ્રામજનોએ બચાવી હતી. રાજકોટ નજીક કાર તણાતા બે લોકોની શોધખોળ ચાલુ છે. અમદાવાદના અનેક વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયેલા હોવાથી જનજીવન પ્રભાવિત બન્યું છે.

### સુરતમાંથી બે અને નવસારીમાંથી ૪ મૃતદેહ મળ્યા

દક્ષિણ ગુજરાતમાં સતત વરસાદ બાદ સર્જાયેલી પૂરની સ્થિતિ વધુ ગંભીર બની છે. સુરતમાં ખાડીપૂરના કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. સુરતમાંથી ૨ અને નવસારીમાંથી કુલ ૪ મૃતદેહ મળી આવતા ચિંતા વધી છે. નવસારી જિલ્લામાં અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થતા **NDRF**, **SDRF**, મિલિટરી બટાલિયન અને ભારતીય વાયુસેનાની ટીમો બચાવ કામગીરીમાં જોડાઈ છે. ભાટ ગામ નજીક ફસાયેલા ૩૦થી વધુ લોકોને હેલિકોપ્ટર દ્વારા સુરક્ષિત સ્થળે એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. પૂરના કારણે એક હજારથી વધુ કારોને ભારે નુકસાન થયું છે. દક્ષિણ ગુજરાતના તમામ બંદરો પર એલસી-૩ સિગ્નલ લગાવી માછીમારો અને લોકોને સાવચેત રહેવાની સૂચના આપવામાં આવી છે.

### ગરનાળામાં કાર ખાબકતાં અમદાવાદના ૪ યુવાનોના મોત

ખેડા જિલ્લામાં માતર-ખેડા હાઈવે પર મોડી રાત્રે એક અત્યંત કરૂણ દુર્ઘટના ઘટી છે. ચોમાસાના ભારે વરસાદને કારણે રસ્તા પર પાણી ભરાઈ જવાથી અને વિઝિબિલિટી ખૂબ જ ઓછી હોવાના લીધે કારચાલકે અચાનક વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેના પરિણામે કાર સીધી ગરનાળામાં ખાબકી હતી. આ ભયાનક અકસ્માતમાં અમદાવાદના ચાર આશાસ્પદ યુવાનો લરાજ રાઠોડ, બિરેન્દ્ર શેખાવત, મુસ્તકીમ રાજપૂત અને મયુર પંચાલનું ઘટનાસ્થળે જ દર્દનાક મોત નીપજ્યું હતું.કારમાં સવાર અન્ય બે યુવાનો ગંભીર રીતે ઘવાતાં તેમને સ્થાનિક લોકો અને પોલીસની મદદથી તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને ધારાસભ્ય કલ્પેશ પરમાર સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે પરિસ્થિતિની સમીક્ષા કરી મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

### વલસાડમાં પૂર બાદ સ્થિતિ થાળે પાડવા ડેપ્યુટી સીએમની બેઠક

વલસાડ જિલ્લામાં પૂરના પાણી ઓસર્યા બાદ જનજીવન ઝડપથી સામાન્ય બનાવવા રાજ્ય સરકારે કામગીરી તેજ કરી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.બેઠકમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં યુધ્ધના ધોરણે સ્વચ્છતા અભિયાન ચલાવવા, તૂટેલા રસ્તાઓનું સમારકામ કરવા અને વીજ પુરવઠો તાત્કાલિક પુનઃસ્થાપિત કરવા સૂચનાઓ અપાઈ હતી. પાણી ઉતરતા જ સર્વે પૂર્ણ કરી અસરગ્રસ્તોને કેશ ડોલ અને રાશન કિટનું વિતરણ કરવા તેમજ વીમા કંપનીઓને ક્લેઇમ ઝડપથી મંજૂર કરવા અપીલ કરવામાં આવી હતી. હર્ષ સંઘવીએ કલેક્ટર નીતિન સાંગવાન અને 'ટીમ વલસાડ'ની બચાવ કામગીરીને બિરદાવી હતી.




### બોપલમાં વરસાદી સ્થિતિનું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કર્યું નિરીક્ષણ



અમદાવાદના બોપલ વિસ્તારમાં ભારે વરસાદ બાદ સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જાતે જ સ્થળ પર પહોંચ્યા હતા. તેઓ સામાન્ય નાગરિકની જેમ પાણી ભરાયેલા વિસ્તારમાં ઉતરીને સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે અમદાવાદના મેયર હિતેશ બારોટ, મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનર સહિતના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીએ અધિકારીઓ પાસેથી વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની માહિતી મેળવી અને જરૂરી રાહત તેમજ પાણીના ઝડપી નિકાલ માટે સૂચનાઓ આપી. સ્થાનિક લોકો સાથે પણ વાતચીત કરીને તેમની મુશ્કેલીઓ અંગે જાણકારી મેળવી હતી.




### અમદાવાદ-રાજકોટ હાઈ વે બંધ

અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર બાવળા નજીક ભારે વરસાદ અને પૂરના પાણીના કારણે ગંભીર સ્થિતિ સર્જાઈ છે. ગેલોપ્સ પાર્ક વિસ્તારમાં પાણીમાં ફસાયેલા આશરે ૯૦૦ લોકોને પોલીસ અને SDRFની ટીમોએ યુધ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરી છે. બગોદરાથી સનાથલ સુધી હાઈવે બંધ કરાતા વાહનવ્યવહાર અટકી ગયો છે. તંત્રે મુસાફરોને બગોદરાથી વેજળકા થઈ ધોલેરા એક્સપ્રેસ હાઈવે મારફતે વૈકલ્પિક માર્ગ અપનાવવા અપીલ કરી છે.



# અમરેલીમાં આમ આદમી પાર્ટીએ શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે આવેદનપત્ર પાઠવ્યું

અમરેલી,તા.૨૪

અમરેલીમાં આમ આદમી પાર્ટી દ્વારા પેપર લીક કૌભાંડ અને વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીના વિરોધમાં પ્રદર્શન યોજાયું હતું. પ્રદેશ સંગઠન મંત્રી નિકુંજ સાવલિયાની આગેવાનીમાં જૂના માર્કેટ યાર્ડ ગેટથી જિલ્લા કલેક્ટર કચેરી સુધી શાંતિપૂર્ણ



રેલી કાઢવામાં આવી હતી. રેલીમાં વિદ્યાર્થીઓ, યુવાનો, સામાજિક કાર્યકરો અને પક્ષના હોદ્દેદારો મોટી સંખ્યામાં જોડાયા હતા. રાષ્ટ્રપતિને સંબોધિત આવેદનપત્ર કલેક્ટરને સુપરત કરી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરવામાં આવી હતી. પરીક્ષા પધ્ધતિમાં પારદર્શિતા, દોષિતો સામે કડક કાર્યવાહી અને વિદ્યાર્થીઓને ન્યાય મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચેતવણી આપવામાં આવી હતી.

# જનકભાઈ તળાવીયાના પ્રયત્નોથી તાજપર ગામે રૂ. ૨૫.૩૨ લાખના ખર્ચે પાણીની ટાંકી મંજૂર

લાઠી,તા.૨૪

લાઠી તાલુકાના તાજપર ગામમાં પીવાના પાણીની સુવિધા સુદ્રઢ કરવા રાજ્ય સરકારે રૂ. ૨૫.૩૨ લાખના ખર્ચે ૧ લાખ લીટર ક્ષમતાવાળી ઊંચી પાણીની ટાંકી મંજૂર કરી છે. વધતી વસતિ અને જરૂરિયાતને ધ્યાને રાખીને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ કરેલી અસરકારક રજૂઆતોને સફળતા મળી છે.આ યોજનાથી ગામમાં પાણીના સંગ્રહ અને વિતરણ વ્યવસ્થામાં મોટો સુધારો થશે, જેથી ઉનાળામાં પાણીની અછતમાંથી રાહત મળશે. ધારાસભ્યશ્રીએ જણાવ્યું કે રાજ્ય સરકાર ગ્રામીણ ક્ષેત્રોમાં પાયાની સુવિધાઓ આપવા



પ્રતિબધ્ધ છે અને લાઠી-બાબરા વિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેશે. ગામના સરપંચ, પંચાયત સભ્યો અને ગ્રામજનોએ આ વિકાસકાર્ય બદલ સરકાર તથા ધારાસભ્યનો આભાર માન્યો હતો. આ યોજના ઝડપથી પૂર્ણ થઈ શુધ્ધ પાણી ઉપલબ્ધ થશે તેવી આશા વ્યક્ત કરી ગ્રામજનોએ હર્ષ લાગણી અનુભવી હતી.

# ચલાલા પો.સ્ટે.ના દુષ્કર્મ અને પોક્સોના ગુનામાં નાસતા ફરતા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો

અમરેલી,તા.૨૪

અમરેલી એલ.સી.બી. ટીમે ચલાલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કર્મ અને પોક્સો એક્ટ સહિત ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની વિવિધ કલમો હેઠળના ગુનામાં પોતાની ધરપકડ ટાળવા નાસતા ફરતા આરોપીને બાતમી અને ટેકનીકલ સોર્સના આધારે પકડી પાડ્યો છે. પકડાયેલ આરોપીની ઓળખ મિલનભાઈ



જવેરભાઈ ભાલીયા (ઉંમર વર્ષ ૨૧, રહે. મેથળા, તા. તળાજા, જિ. ભાવનગર) તરીકે થઈ છે. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીની ડી.એચ કાબરીયા આર્ટસ મહિલા કોલેજમાં નવી વિદ્યાર્થિનીઓ માટે ‘ફ્રેશર્સ વેલકમ’ યોજાયો

અમરેલી,તા.૨૪

અમરેલી સ્થિત ડી.એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજ ખાતે નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રારંભે વિદ્યાર્થિનીઓ માટે એક વિશેષ સભા યોજાઈ હતી. લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત ગજેરા શૈક્ષણિક



સંકુલના આ કેમ્પસમાં ‘ફ્રેશર્સ વેલકમ’ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવી વિદ્યાર્થિનીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓએ ડાન્સ, કેટવૉક અને વિવિધ રમતો જેવી મનોરંજક પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# અમરેલીના શિક્ષિકા શીતલબેન દવેની સાંદીપનિ વિદ્યાનિકેતન દ્વારા ‘ગુરુ ગૌરવ એવોર્ડ’ માટે પસંદગી

અમરેલી,તા.૨૪

ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની પ્રેરણાથી સાંદીપનિ વિદ્યાનિકેતન દ્વારા આ વર્ષે ૨૦૨૬ના ‘ગુરુ ગૌરવ એવોર્ડ‘ માટે અમરેલી જિલ્લામાંથી રોકડિયા હનુમાનપરા પ્રાથમિક શાળાના શિક્ષિકા શીતલબેન પ્રતાપરાય દવેની પસંદગી કરવામાં આવી છે. સાંદીપનિ વિદ્યાનિકેતન દ્વારા વર્ષ ૨૦૧૦થી ગુરુપૂર્ણિમાની પૂર્વસંધ્યાએ શિક્ષણ



ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનાર વિશિષ્ટ સારસ્વતોનું ‘લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ‘, ‘આદર્શ ગુરુ ગૌરવ એવોર્ડ’ માટે પસંદગી કરવામાં આવી છે.

# બગસરા મ્યુઝીકલ નાઈટ કાર્યક્રમમાં મુધવન ગોલ્ડ તરફથી ઈનામો અપાયા

બગસરા,તા.૨૪

બગસરા ખાતે મેઘાણી ટાઉન હોલમાં સિનિયર સીટીઝન પરિવાર દ્વારા મ્યુઝીકલ નાઈટ કાર્યક્રમ યોજાયો હતો. પાલિકા પ્રમુખ નિરવ ગોંડલીયા, રશ્વિનભાઈ ડોડીઆ, પીઆઈ ગોલવેલકર, એ.વી.રીબડીયા, અનિલ વેકરીયા સહિતના સિનિયર સીટીઝન પરિવારના સભ્યોએ દીપ પ્રાગટ્ય કરી



કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. ગાયકો પુજા પંડ્યા, રાજુ પંચોલી અને ઈલેશ ભટ્ટે જુના ફિલ્મી ગીતોનું ગાયન કરી રાતને સુમધુર બનાવી હતી. આ તકે ખાસ હાજર રહેલા મધુવન ગોલ્ડના ચંદ્રેશભાઈ ધોળકીયાએ પણ પોતાના અવાજમાં જુના ફિલ્મી ગીતો ગાયા હતા. કાર્યક્રમને અંતે હાજર રહેલા શ્રોતાઓનો એક લકી ડ્રો કરવામાં આવ્યો હતો જેમાં વિજેતાઓને મધુવન ગોલ્ડ તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા.

# ધારી CHCને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ બનાવવા અતુલ કાનાણીની રજૂઆત

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી ઋષિકેશ પટેલને પત્ર લખી ધારી સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની માં ગ કરી છે. તેમણે રજૂઆતમાં જણાવ્યુ કે ધારી તાલુકા સાથે આસપાસના ૪૦થી વધુ ગામોના લોકો સારવાર માટે આ કેન્દ્ર ઉપર આધાર રાખે છે. છેલ્લા કેટલાક સમયથી દર્દીઓની સંખ્યા સતત વધી રહી હોવાથી હાલની આરોગ્ય સુવિધાઓ ઓછી પડી



રહી છે. ગીર વિસ્તાર તેમજ સ્ટેટ હાઈવે ઉપર અકસ્માતોના બનાવો પણ વધી રહ્યા છે જેથી ટ્રોમા કેર સહિતની આધુનિક સારવારની સુવિધા ઉપલબ્ધ થાય તે ખુબ જરૂરી બની છે.

# બગસરા ITI ખાતે તા.૨૭મીએ ભરતીમેળો

અમરેલી,તા.૨૪

જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) બગસરાના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ પોર્ટલ મારફતે ૨૭ જુલાઈ સોમવારના રોજ સવારે ૧૧ વાગ્યે આઈટીઆઈ બગસરા ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરાયું છે.

આ ભરતીમેળામાં EDF International Netwroks કંપની સ્માર્ટ મીટર ઈન્સ્ટોલરની જગ્યાઓ માટે ભરતી કરશે. ૧૮થી ૫૦ વર્ષની વયના પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે. આઈટીઆઈ ઈલેક્ટ્રીશિયન, વાયરમેન અથવા ધોરણ ૧૦ કે ૧૨ પાસ સાથે એક વર્ષનો અનુભવ જરૂરી રહેશે. પસંદ થયેલા ઉમેદવારોને માસિક રૂ. ૨૫ હજાર સુધીનો પગાર મળશે અને કામગીરી અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં રહેશે. ઉમેદવારોએ જરૂરી પ્રમાણપત્રો, આધારકાર્ડ અને બાયોડેટા સાથે હાજર રહેવાનું રહેશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧| || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૩૮/૨૦૨૬

અરજદારશ્રી :- રામજીભાઈ ગાંડાભાઈ ચૌહાણ
સરનામું :- રે. ચીત્રાસર, તા. જાફરાબાદ, જી. અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-ચીત્રાસર,
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **ચીત્રાસર** ગામના **શ્રી રામજીભાઈ ગાંડાભાઈ ચૌહાણ** એ તેમના **પુત્ર** નામે **શ્રી ધર્મેશભાઈ રામજીભાઈ ચૌહાણ નો તા. ૧૦/૧૨/૨૦૦૮** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી લીરલ બી. બાંભણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૨ માહે. જુન સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૧૨/૦૬/૨૦૨૬**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**




## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૪૬/૨૦૨૬

અરજદારશ્રી :- શામજીભાઈ કાનાભાઈ બાંભણીયા
સરનામું :- રે. ચીત્રાસર, તા. જાફરાબાદ, જી. અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-મીઠાપુર,
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **મીઠાપુર** ગામના શ્રી **શામજીભાઈ કાનાભાઈ બાંભણીયા** એ તેમના **પુત્ર** નામે **શ્રી હિંમતભાઈ શામજીભાઈ બાંભણીયા નો તા. ૧૨/૦૧/૨૦૦૯** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી લીરલ બી. બાંભણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૨ માહે. જુન સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૧૨/૦૬/૨૦૨૬**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૪૮/૨૦૨૬

અરજદારશ્રી :- લાખુબેન મોહનભાઈ ચૌહાણ
સરનામું :- રે. ચીત્રાસર, તા. જાફરાબાદ, જી. અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-ચીત્રાસર,
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **ચીત્રાસર** ગામના **શ્રી લાખુબેન મોહનભાઈ ચૌહાણ** એ તેમના **પુત્રી** નામે **શ્રી હિમુબેન મોહનભાઈ ચૌહાણ નો તા. ૦૯/૦૧/૧૯૯૩** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી લીરલ બી. બાંભણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૨ માહે. જુન સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૧૨/૦૬/૨૦૨૬**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના પ્રયાસોથી કુલ રૂ.૩.૨૧ કરોડના વિકાસકાર્યોને મળશે ગતિ**


# દેવભૂમિ દેવળિયા પ્રાચીન શિવ મંદિરના વિકાસને વધુ રૂ. ૨.૫૭ કરોડની મંજૂરી

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લાના દેવભૂમિ દેવળિયા ગામ ખાતે આવેલ પ્રાચીન શિવ મંદિરના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વધુ રૂ.૨.૫૭ કરોડના વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી છે. અગાઉ આ પ્રકલ્પ માટે રૂ.૬૩.૧૭ લાખની મંજૂરી આપવામાં આવી હતી અને હવે વધારાની મંજૂરી સાથે સમગ્ર મંદિર પરિસરના વિકાસ માટે કુલ રૂ.૩.૨૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ વિકાસથી મંદિર માત્ર આસ્થાનું કેન્દ્ર જ નહીં પરંતુ ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવાસનનું મહત્વનું સ્થળ બની રહેશે.

આ વિકાસ યોજનામાં મંદિર પરિસરમાં અંદાજે ૩૫ ફૂટ ઊંચા મુખ્ય શિખરનું નિર્માણ કરવામાં આવશે. ઉપરાંત યજ્ઞશાળા, પૂજારી નિવાસ, ગેઝિબો, લીલી પોન્ડ, આકર્ષક પ્રવેશદ્વાર, પુરુષ અને મહિલાઓ માટે અલગ શૌચાલય, સુવ્યવસ્થિત બગીચો તેમજ ભક્તોને વધુ સુવિધા મળી રહે તે માટે જરૂરી માળખાકીય સુવિધાઓનું નિર્માણ પણ કરવામાં આવશે. પરંપરાગત વાવ, હરિયાળી અને અન્ય સુવિધાઓના વિકાસ દ્વારા સમગ્ર સ્થળને આધ્યાત્મિકતા અને પ્રાકૃતિક






સૌંદર્ય સાથે વિકસાવવામાં આવશે જેથી અહીં આવતા ભક્તો અને પ્રવાસીઓને વધુ સારો અનુભવ મળી શકે. રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે આસ્થા અને વિકાસ એકબીજાના પૂરક છે. સાંસ્કૃતિક વારસાના સંરક્ષણની સાથે આધુનિક સુવિધાઓનો સમન્વય રાજ્યના વિકાસ માટે જરૂરી છે. દેવભૂમિ દેવશિયાના આ પ્રાચીન શિવ મંદિરના વિકાસથી સમગ્ર વિસ્તારના ધાર્મિક પ્રવાસનને નવી દિશા મળશે તેમજ સ્થાનિક રોજગારી અને આર્થિક પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન મળશે.

મંદિરના વિકાસ બાદ રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો અને પ્રવાસીઓ અહીં આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. આ પ્રસંગે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે સાંસ્કૃતિક વારસાના જતન અને વિકાસ માટે સરકાર સતત પ્રતિબધ્ધ છે. મંદિરનો વિકાસ પૂર્ણ થયા બાદ દેવભૂમિ દેવશિયા રાજ્યના મહત્વના ધાર્મિક પ્રવાસન સ્થળોમાં સ્થાન મેળવશે અને સમગ્ર અમરેલી જિલ્લામાં ધાર્મિક, સામાજિક તેમજ આર્થિક વિકાસને નવી ગતિ મળશે.

# લાઠી રોડના વોર્ડ નં. ૪માં ગટર બ્લોક થતા રસ્તા પર પાણી ભરાયા

અમરેલી,તા.૨૪

અમરેલીશહેરના લાઠી રોડ વિસ્તારમાં આવેલા વોર્ડ નં. ૪માં નગરપાલિકાની ગટર બ્લોક થઈ જતાં વરસાદી તેમજ ગટરનું પાણી રસ્તા પર ભરાઈ રહ્યું છે. ખાસ કરીને માધવનગર વિસ્તારના રહીશોએ આ સમસ્યાના તાત્કાલિક નિરાકરણની માંગ કરી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, લાઠી રોડ પર આવેલી દસથી વધુ સોસાયટીઓ માટે આ મુખ્ય માર્ગ છે. ગટરનું પાણી ન જતાં સતત પાણી ભરાઈ રહે છે,



જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણી ભરાવાને કારણે દુર્ગંધ ફેલાઈ રહી છે તેમજ મચ્છરોના ઉપદ્રવ સાથે ચેપી રોગચાળો ફેલાવવાની પણ ભીતિ સેવાઈ રહી છે.માધવનગરના રહીશોએ નગરપાલિકા તંત્રને તાત્કાલિક ગટર સફાઈ કરાવી પાણીનો યોગ્ય નિકાલ કરવાની માંગ કરી છે. સ્થાનિકોનું કહેવું છે કે સમયસર કાર્યવાહી નહીં કરવામાં આવે તો વરસાદ દરમિયાન સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. નગરપાલિકા દ્વારા વહેલી તકે ગટર બ્લોકેજ દૂર કરી માર્ગ પર ભરાયેલું પાણી કાઢવામાં આવે તેવી લોકોની માંગ ઉઠી છે.

# સા.કુંડલાના મોટા ઝીંઝુડા પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ નર્સરીની મુલાકાત લીધી

**વિદ્યાર્થીને વૃક્ષારોપણનો સંદેશ આપતા એક-એક છોડનું વિતરણ કરાયું**

અમરેલી,તા.૨૪

મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળા દ્વારા ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે ગામની નર્સરીની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ



વૃક્ષો, ફૂલછોડ અને ઔષધીય છોડનું નિરીક્ષણ કરીને પ્રકૃતિ વિશે ઉપયોગી માહિતી મેળવી. વિભાકરભાઈ, પૂજાબેન, એમ. એ. મકવાણા, આર.એમ. ખુમાણ, આર.ટી. લાધવા અને એસ.એમ. ડેગાળાએ પર્યાવરણ સંરક્ષણ, વન્યજીવો, નર્સરીની કામગીરી તથા વૃક્ષોના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પૂછી નવી જાણકારી મેળવી. અંતે સ્મૃતિચિત્ર લેવામાં આવ્યું અને દરેક વિદ્યાર્થીને વૃક્ષારોપણનો સંદેશ આપતા એક-એક છોડનું વિતરણ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમમાં શાળાના સ્ટાફે સક્રિય સહયોગ આપ્યો હતો.

# ભુરખિયા ખાતે લાયન્સ ક્લબ ઓફ અમરેલી(સીટી)ના ૧૦૦મા નેત્ર કેમ્પની ઉજવણી

અમરેલી,તા.૨૪

અમરેલીની લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના ઉપક્રમે ભુરખિયા હનુમાનજી ટ્રસ્ટ, ભુરખિયા ચેરિટેબલ ટ્રસ્ટ, સુદર્શન નેત્રાલય અને રમાબેન અનિલભાઈ પારેખના આર્થિક સહયોગથી યોજાતા નિઃશુલ્ક નેત્ર નિદાન અને નેત્રમણિ આરોપણ કેમ્પનો ૧૦૦મો કેમ્પ ભુરખિયા હનુમાનજી મંદિર ખાતે ઉજવાયો હતો. કાર્યક્રમમાં ક્લબના પ્રમુખ લાયન નરોત્તમભાઈ સાકરીયાએ સ્વાગત કર્યું હતું તેમજ નેત્ર સેવા અંગેની માહિતી પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કેમ્પની સેવાયાત્રા અને સમાજને થયેલા લાભોની માહિતી આપવામાં આવી હતી. અત્યાર



સુધીમાં ૧૫,૩૧૯ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી છે, જ્યારે ૪,૦૩૨ દર્દીઓના નેત્રમણિ આરોપણ અને ૨,૨૧૦ લોકોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું. આ પ્રસંગે કેમ્પને આર્થિક સહયોગ આપનાર રમાબેન અનિલભાઈ પારેખ, ભુરખિયા હનુમાનજી ટ્રસ્ટના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ સહિત ટ્રસ્ટીઓ અને સેવાકાર્યમાં યોગદાન આપનાર આગેવાનોનું શાલ અને સન્માનપત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. સુદર્શન નેત્રાલયના તબીબો અને લાયન્સ પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ.મિત તુષારભાઈ ભટ્ટ (ઉ.વ.૨૭) નું તા.૨૦/૦૭/૨૦૨૬ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે તુષારભાઈ અનંતરાય ભટ્ટના સુપુત્ર, સ્વ.દીપના મોટાભાઈ, ઉમેશભાઈ (કિશન સ્ટુડિયો) અને પંકજભાઈ (જી.કર્મચારી) તથા જીગ્નેશભાઈ (જી.કર્મચારી)ના ભત્રીજા થાય છે. તેમનું સદગતનું ઉઠમણુ તા.૨૫/૦૭/૨૦૨૬ને શનિવારના રોજ સાંજે ૪:૦૦ થી ૫:૩૦ કલાકે પરશુરામ ઉપવન વાડી, ગર્લ્સ હાઈસ્કૂલ પાસે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# વાંકુની ધાર પંચમુખી હનુમાનજી મંદિરે ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

અમરેલી,તા.૨૪

ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામ નજીક આવેલા વાંકુની ધાર પંચમુખી હનુમાનજી મંદિરે ૨૯ જુલાઈએ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે. મહંત રામ બાલકદાસ બાપુ અને કરુણાનિદાનદાસ બાપુના સાનિધ્યમાં કાર્યક્રમ યોજાશે. અખિલ ભારતીય આતંકવાદ વિરોધી મોરચાના અધ્યક્ષ મનિન્દરજીત સિંહ બીટા વિશેષ અતિથિ રહેશે. સવારે ગુરુ પૂજન, ગુરુ ધારણા અને યજ્ઞ બાદ બપોરે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેશે.




# ITI સાવરકુંડલા ખાતે ૨૯ જુલાઈએ મેગા રોજગાર ભરતી મેળાનું આયોજન

અમરેલી,તા.૨૪

જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આગામી ૨૯ જુલાઈ ૨૦૨૬ના રોજ ITI સાવરકુંડલા ખાતે ભવ્ય મેગા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.આ ભરતીમેળામાં 'ઈ.ડી.એફ. ઈન્ટરનેશનલ નેટવર્ક્સ' દ્વારા 'સ્માર્ટ મીટર ઈન્સ્ટોલર' (ઈલેક્ટ્રિશિયન/વાયરમેન) તેમજ 'ક્રેડિટ એક્સેસ' દ્વારા 'ટ્રેનિંગ સેન્ટર મેનેજર' (ધોરણ-૧૦ પાસથી સ્નાતક) ની વિવિધ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.યોગ્ય લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ ૨૯ જુલાઈના રોજ સવારે ૧૦:૦૦ કલાકે જરૂરી શૈક્ષણિક તથા અંગત દસ્તાવેજો સાથે ITI સાવરકુંડલા ખાતે ઉપસ્થિત રહેવા આચાર્યશ્રી દ્વારા જણાવાયું છે. સ્થાનિક યુવાનો માટે આ રોજગારી મેળવવાની ઉત્તમ તક સાબિત થશે.




## -// મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગીરગઢડા //-

નં. જન્મ-મરણ કેસ.નં. **83/2026** તા. ૧૪/૦૭/૨૦૨૬

(૧) ભીમજીભાઈ ગોવિંદભાઈ વેગડ,
રહે. સનવાવ, તા. ગીરગઢડા, જી. ગીરસોમનાથ

...........અરજદાર

**વિરૂધ્ધ**

(૧) રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તા. ગીરગઢડા, જી. ગીરસોમનાથ

........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના સનવાવ ગામના રહીશ ભીમાભાઈ ગોવિંદભાઈ વેગડ તથા લીલીબેન ભીમાભાઈ વેગડના પુત્રી ધરતીબેન ભીમાભાઈ વેગડનો જન્મ તારીખ ૩૦/૧૧/૧૯૯૧ના રોજ ગીરગઢડા તાલુકાના સનવાવ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તાલુકો-ગીરગઢડા સને-૧૯૯૧ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૮/૦૭/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૦૭/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**સહી**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**

## -// મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગીરગઢડા //-

નં. જન્મ-મરણ કેસ.નં. **93/2026** તા. ૧૭/૦૭/૨૦૨૬

(૧) મગનભાઈ લખમણભાઈ હડીયા,
રહે. બેડીયા, તા. ગીરગઢડા, જી. ગીરસોમનાથ

...........અરજદાર

**વિરૂધ્ધ**

(૧) રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, બેડીયા, તા. ગીરગઢડા, જી. ગીરસોમનાથ

...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના બેડીયા ગામના રહીશ મગનભાઈ લખમણભાઈ હડીયા તથા ગોમતીબેન મગનભાઈ હડીયાના પુત્ર મનસુખ મગનભાઈ હડીયાનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૭૨ના રોજ ગીરગઢડા તાલુકાના બેડીયા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, બેડીયા, તાલુકો-ગીરગઢડા સને-૧૯૭૨ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૩૦/૦૭/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૭/૦૭/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**સહી**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**

**-:: જાહેર નોટીસ ::-**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.: ૨૬૩/૨૦૨૬
જન્મ તારીખ: ૧૦/૦૬/૧૯૮૯

મહેશ ગોવિંદભાઈ વાળા,
રહે. દેવળી, ગામ-દેવળી, તાલુકો-કોડીનાર,
જીલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ દેવળી, તા. કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મહેશ ગોવિંદભાઈ વાળા, રહે. દેવળી, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ગોવિંદભાઈ રામભાઈ વાળા તથા હંસાબેન ના પુત્ર ભરતભાઈ વાળાનો જન્મ તારીખ ૧૦/૦૬/૧૯૮૯ના રોજ કોડીનાર તાલુકાના દેવળી મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાધોરણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૨/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.: ૨૧૮/૨૦૨૬
જન્મ તારીખ: ૦૪/૦૩/૨૦૨૫

લોઢારી ભવ્યશ છગનભાઈ,
રહે. માઢવડ, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જીલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કાજ, તા. કોડીનારકોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લોઢારી ભવ્યશ છગનભાઈ, રહે. માઢવડ, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી લોઢારી ભવ્યશ છગનભાઈ તથા લોઢારી રવિનાબેન ભવ્યશ ના પુત્ર લોઢારી હેમાસુ ભવ્યેશનો જન્મ તારીખ ૦૪/૦૩/૨૦૨૫ના રોજ કોડીનાર તાલુકાના કાજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાધોરણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૨/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**બસ સતત મુસાફરોથી ભરચક્ક ચાલતી હોવા છતાં બે દિવસ સેવા બંધ, આવકને પણ ફટકો**

# રાજુલા-ઓખા રૂટની બસ અચાનક રદ થતા મુસાફરો મુશ્કેલીમાં

રાજુલા,તા.૨૪

રાજુલા એસટી ડેપો ફરી એકવાર પોતાની કામગીરીને લઈને ચર્ચામાં આવ્યો છે. નિગમ દ્વારા મુસાફરોને વધુ સારી સુવિધા આપવા અને આવકમાં વધારો કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાના દાવા કરવામાં આવે છે, પરંતુ બીજી તરફ રાજુલા ડેપોની કામગીરીને લઈને અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. તાજેતરમાં શરૂ કરાયેલી રાજુલા–ઓખા સાંજના ૬ વાગ્યાની બસ, જે મુસાફરોના સારા પ્રતિસાદને કારણે સતત હાઉસફુલ ચાલી રહી હતી, તે તારીખ ૨૨ અને ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ કોઈપણ પૂર્વ સૂચના કે જાહેર જાહેરાત વિના અચાનક રદ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. બસ અચાનક રદ થતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘણા મુસાફરોને અન્ય વાહનોનો સહારો લેવો પડ્યો, જ્યારે કેટલાકને પોતાની મુસાફરી મુલતવી રાખવી પડી હતી. મુસાફરોમાં એવો સવાલ ઉઠી રહ્યો છે કે હજારો રૂપિયાની આવક આપતી બસને કોઈ સ્પષ્ટ કારણ વગર કેમ રદ કરવામાં આવી? આ નિર્ણય પાછળ જવાબદાર કોણ છે, ડેપો મેનેજમેન્ટ કે સ્થાનિક અધિકારીઓ, તે અંગે પણ ચર્ચા ચાલી રહી છે. રાજુલા એસટી ડેપો અગાઉ પણ વિવિધ મુદ્દાઓને



તસવીર : ગોપાલ રાઠોડ

લઈને ચર્ચામાં રહ્યો છે. ડેપોમાં ટોયલેટ અને બાથરૂમની અપૂરતી વ્યવસ્થા, ઈન્કવાયરી કાઉન્ટર પર યોગ્ય માહિતીનો અભાવ, ટેલિફોન સેવા બંધ રહેવી, ઠંડા પીવાના પાણીની સુવિધાનો અભાવ અને વારંવાર બસ રૂટમાં ફેરફાર અથવા રૂટ બંધ કરવાની ફરિયાદો લાંબા સમયથી ઉઠતી રહી છે. ભાવનગર અને રાજકોટ જેવા મહત્વના રૂટ પણ અવારનવાર બંધ થતા મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.રાજુલા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પણ અનેક વખત રાજુલા–ગોંડલ, રાજુલા–પોરબંદર અને રાજુલા–જામજોધપુર જેવા મહત્વના રૂટ ફરી શરૂ કરવાની માંગ કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈ અસરકારક નિર્ણય લેવાયો નથી. ઉપરાંત રાજુલાથી સુરત અને મુંબઈ માટે સીધી એસટી બસ સેવા ઉપલબ્ધ નથી. ડેપોમાં ભુજ રૂટ સિવાય કોઈ સ્લીપર બસ કે વોલ્વો બસ પણ ઉપલબ્ધ નથી, જેના કારણે લાંબા અંતરના મુસાફરોને ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે વર્ષોથી સ્ટાફની અછતનું કારણ આગળ ધરીને અનેક સેવાઓમાં ઘટાડો કરવામાં આવે છે. બીજી તરફ એસટી ડેપોની બહારથી ખાનગી લક્ઝરી બસો અને વાહનો ખુલ્લેઆમ મુસાફરો ભરી જતા હોવા છતાં તેની સામે કોઈ અસરકારક કાર્યવાહી થતી નથી. શહેરના નાગરિકો અને મુસાફરોની માંગ છે કે વિભાગીય નિયામક સમગ્ર મામલે ગંભીરતાથી તપાસ કરે, મુસાફરોને પડતી અગવડતાઓ દૂર કરે અને બંધ કરાયેલા મહત્વના રૂટો તેમજ જરૂરી બસ સેવાઓ ફરી શરૂ કરવામાં આવે.

# સાવરકુંડલાની કબીર ટેકરી ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણિ રોપણ કેમ્પ યોજાયો

**૭૮ દર્દીઓએ ઓ.પી.ડી. સેવા અને ૨૭ દર્દીઓએ મોતિયાના નિઃશુલ્ક ઓપરેશન કરાયા**



સાવરકુંડલા,તા.૨૪

શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ, સાવરકુંડલા અને લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટી સંચાલિત સુદર્શન નેત્રાલય હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે સાવરકુંડલા ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન તેમજ નેત્રમણિ રોપણ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૭૮ દર્દીઓએ ઓ.પી.ડી. તપાસ કરાવી હતી, જેમાંથી ૨૭ દર્દીઓને મોતિયાના ફ્રી ઓપરેશન કરવામાં આવ્યા હતા.

છેલ્લા ૧૮ વર્ષથી દર મહિનાના ચોથા ગુરુવારે આ કેમ્પનું નિયમિત આયોજન કરવામાં આવે છે.

# કાગવદરની કંપનીમાંથી કેબલ ચોરી કરનાર ત્રણ શખ્સો રૂ. ૧.૯૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

અમરેલી, તા. ૨૪

અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) વણઉકેલાયેલા મિલકતસંબંધી ગુનાઓ ઉકેલવાની દિશામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. ટેકનિકલ સોર્સ અને ચોક્કસ બાતમીના આધારે શંકાસ્પદ કેબલના ટુકડાઓ તથા બે મોટરસાઈકલ સાથે ત્રણ ઈસમોને ઝડપી લીધા હતા. સઘન પૂછપરછ



દરમિયાન આરોપીઓએ જાફરાબાદ તાલુકાના કાગવદર ગામે આવેલી 'વેના એનર્જી પ્રાઈવેટ લિમિટેડ' કંપનીના કન્ટેનરમાંથી કોપર પાવર કેબલની ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. પોલીસે તળાજા તાલુકાના સખવદર ગામના નિવાસી કેતન કિશોરભાઈ બાંભણિયા (ઉં.વ. ૨૨), રાકેશ હરજીભાઈ ડોડિયા (ઉં.વ. ૨૬) અને ભરત વેલજીભાઈ શિયાળ (ઉં.વ. ૩૪)ની અટકાયત કરી છે. તેમની પાસેથી રૂ. ૧,૨૦,૦૦૦ ની કિંમતના ૪૦ નંગ કોપર કેબલના ટુકડા તથા બે મોટરસાઈકલ મળી કુલ રૂ. ૧,૯૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

# ૧૫ વર્ષથી નાસતા-ફરતા ટાર્ગેટેડ કેસના આરોપીને બાબરા પોલીસે ઝડપી પાડ્યો

બાબરા, તા. ૨૪

બાબરા પોલીસે લાંબા સમયથી ફરાર આરોપીઓને ઝડપી પાડવાનું વિશેષ અભિયાન હાથ ધર્યું છે. આ ઝુંબેશ અંતર્ગત બાબરા પોલીસ ઈન્સપેક્ટર આર. આર. પરમારની કડક આગેવાની હેઠળની ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સના સચોટ સમન્વયથી મોટી



સફળતા હાસિલ કરી છે. બાબરા પોલીસે ટાર્ગેટેડ પકડ વોરંટ ધરાવતા આરોપી સુરેશભાઈ જેન્તીભાઈ સોલંકી (ઉં.વ. ૫૨, રહે. ગોંડલ, જિલ્લો રાજકોટ) ને દબોચી લીધો છે. ચોરી અને મિલકતસંબંધી ગુનામાં છેલ્લા ૧૫ વર્ષથી કાયદાની ગિરફ્તથી દૂર ભાગતા આ રીઢા આરોપી વિરુધ્ધ કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી તેને અદાલત સમક્ષ રજૂ કરવાની તજવીજ ધરવામાં આવી છે.

# સાજીયાવદર અને કેરીયાચાડ ગામમાં BSNL એક્સચેન્જ બિલ્ડિંગમાં ચોરી

અમરેલી, તા. ૨૪

અમરેલીના સાજીયાવદર ગામે BSNL એક્સચેન્જ બિલ્ડિંગમાં ચોરી થઈ હતી. આ અંગે અમિતભાઈ મેરુભાઈ ભૂતિયા (ઉં.વ. ૪૭, જ્યુનિયર ટેલિકોમ ઓફિસર, BSNL અમરેલી)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા ચોર ઈસમે સાજીયાવદર તથા કેરીયાચાડ ગામ ખાતે આવેલી BSNL એક્સચેન્જ બિલ્ડિંગમાં રાત્રિના સમયે ગેરકાયદે પ્રવેશ કરી, ટાવરનો કેબલ વાયર (આશરે ૫ કિ.ગ્રા., કિંમત રૂ. ૨,૫૦૦) તથા ટાવર કાર્ડ નંગ-૨ (કિંમત રૂ. ૧,૦૦૦) મળી કુલ રૂ. ૩,૫૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં ૨ વર્ષથી જન્મ-મરણના ૭૦૦થી વધુ કેસ ધૂળ ખાતા હોવાનો કોંગ્રેસ નેતાનો આક્ષેપ

રાજુલા,તા. ૨૪

રાજુલા તાલુકા અને શહેરમાં જન્મ-મરણના દાખલા મેળવવા માટે જનતા રઝળપટ્ટ કરવા મજબૂર બની છે. અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂએ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર પાઠવી મામલતદાર કચેરીમાં છેલ્લા બે વર્ષથી ૭૦૦થી વધુ અરજીઓ ધૂળ ખાતી હોવાની ગંભીર રજૂઆત કરી છે.તંત્રની નિષ્ક્રિયતાના કારણે વિદ્યાર્થીઓ,



મહિલાઓ અને વડીલોને શિક્ષણ, સરકારી યોજનાઓ, વારસાઈ પ્રક્રિયા, આધાર કાર્ડ અને પાસપોર્ટ જેવા અત્યંત મહત્વના કામોમાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. તંત્રની આ ઘોર બેદરકારી સામે રોષ વ્યક્ત કરતા કોંગ્રેસ નેતાએ આ સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે.તેમણે ચિંતન વ્યક્ત કરતા જણાવ્યું કે, સામાન્ય પ્રજા મૂળભૂત અધિકારો માટે બે-બે વર્ષ સુધી ધક્કા ખાય તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. પડતર કેસોનો વિલંબ વગર ત્વરિત નિકાલ કરી બેદરકાર અધિકારીઓ સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવાની માંગણી તેમણે કરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ અગિયારસ
તા.૨૫-૦૭-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૬,
સૂર્યાસ્ત-૦૭:૦૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ જ્યેષ્ઠા

## દૈનિક રાશિફળ

**તા.૨૫-૦૭-૨૦૨૬ — શનિવાર**

મેષ: આજે આવકના નવા સ્રોત મળશે. નમ્ર વાણીથી આદર મળશે. શિક્ષણ- સ્પર્ધામાં વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આજે આખો દિવસ કાર્યસ્થળમાં વ્યસ્ત રહેશો.

વૃષભ: આજે તમે કેટલીક આંતરિક સમસ્યાઓથી પીડાઇ શકો છો. આવી સ્થિતિમાં તમારા માટે તે સારું રહેશે કે તમે વિલંબ કર્યા વિના ડોક્ટરને મળો.

મિથુન: આજે પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે.

કર્ક: આજે જ્યાં રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નો સફળ થશે ત્યાં શાસન અને સત્તા સાથે જોડાણના ફાયદા પણ મળી શકે છે. નવી ડીલ દ્વારા પદ અને પ્રતિષ્ઠામાં વધારો થવાની સંભાવના છે.

સિંહ: આજે તમારા સ્વાસ્થ્ય અને આનંદમાં અડચણ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક સફર પર જવું પડી શકે છે.

કન્યા: આજે કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જવા અથવા ચોરી થવાનો ભય રહેશે. બાળકોના શિક્ષણની સફળતા અથવા કોઈપણ સ્પર્ધામાં ઇચ્છિત સફળતાના સમાચારથી મન પ્રસન્ન રહેશે.

તુલા: આજે તમે સંતાન સંબંધિત બાબતોથી ચિંતિત રહી શકો છો. જે લોકોના પારિવારિક જીવનમાં તણાવ ચાલી રહ્યો છે તેમાં આજે ઘટાડો થશે, સંબંધો વધુ સારા બનશે.

વૃશ્ચિક: લોકોની આજીવિકાના ક્ષેત્રમાં આજે પ્રગતિ થઈ શકે છે. આ સિવાય આજે પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેત છે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે.

ધન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

મકર: આજે તમારે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. ઓફિસ હોય કે ઘર આજે તમને દરેક જગ્યાએ તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

કુંભ: આજે રોજગાર-ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

મીન: આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

# બાબરા-ચીતલ રોડ પર બાઈક સ્લીપ થઈ ઈકો સાથે અથડાતાં એકનું કરુણ મોત

બાબરા, તા.૨૪

બાબરા-ચીતલ રોડ પર આવેલા અમરાપરા સેવા સહકારી મંડળીના ગોડાઉન સામે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. બાઈક પરથી કાબુ ગુમાવતાં વાહન સ્લીપ થઈ ગયું હતું, જેમાં બાઈકચાલક ફંગોળાઈને ઈકો ગાડી સાથે અથડાવાના (ભટકાવાના) કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.આ અંગે મૂળ મધ્ય પ્રદેશના અલીરાજપુરના વિજયભાઈ ગુમાનભાઈ જમરા (ઉ.વ.૨૨)એ જાહેર કર્યા મુજબ, મૃતક સંજયભાઈ ગુમાનભાઈ જમરા (ઉ.વ.૨૩)એ બાબરા-ચીતલ રોડ પર અમરાપરા સેવા સહકારી મંડળીના ગોડાઉન નજીક પહોંચતાં જ બાઈક પરથી કાબુ ગુમાવ્યો હતો.

વાહન સ્લીપ થઈ જતાં સંજયભાઈ રસ્તા પરથી ફંગોળાઈને સામેથી આવતી ઈકો ગાડી સાથે જોરદાર ધડાકાભેર અથડાયા હતા. આ અકસ્માતમાં તેમને જમણા પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી તથા કાનમાંથી અતિશય લોહી વહી જતાં અને શરીરે ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું મોત નીપજ્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે. એસ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં યુવકને પોલીસ ફરિયાદના મનદુઃખમાં જાનથી મારવાની ધમકી

અમરેલી, તા. ૨૪

અમરેલીમાં એક યુવકને જૂની પોલીસ ફરિયાદના મનદુઃખમાં જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે ભૂપતભાઈ મનસુખભાઈ માંડજીયા (ઉ.વ. ૪૯) એ જીતુભાઈ વામજા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમણે તથા સોસાયટીના રહીશોએ અગાઉ આરોપી વિરુધ્ધ પોલીસ ફરિયાદ કરી હતી. જેનું મનદુઃખ રાખી આરોપીએ પોતાની વાન પુરઝડપે ચલાવી તેમની મોટરસાયકલ સાથે અથડાવવાનો પ્રયાસ કર્યો હતો અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી. વી. સરવૈયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જિલ્લામાંથી ૧૧ પીધેલા પકડાયા

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં પોલીસે વિવિધ સ્થળોએ દરોડા પાડીને ૧૧ શરાબીઓને ઝડપી પાડ્યા હતા. આ કામગીરી દરમિયાન જાનબાઈ દેરડી ગામેથી ૫ લીટર, રાજુલામાંથી ૪ લીટર અને જાફરાબાદમાંથી ૨ લીટર મળીને કુલ ૧૧ લીટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, દેવળકી ગામે દેવળા રોડ પરથી એક યુવક પાસેથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂની બોટલ મળી આવી હતી.

# નાના આંકડીયા ગામે પ્રૌઢાએ ઝેરી દવા પીતાં મોત

અમરેલી, તા. ૨૪

અમરેલીના નાના આંકડીયા ગામે પ્રૌઢાએ ઝેરી દવા પીતાં મોત નિપજ્યું હતું. આ અંગે મકનભાઈ ભીખાભાઈ ગોંડલિયા (ઉં.વ. ૬૧) એ જાહેર કર્યા મુજબ, તેમનાં પત્ની સવિતાબેન (ઉં.વ. ૬૧)ને છેલ્લા બે વર્ષથી બંને ઘૂંટણમાં સતત દુખાવો રહેતો હતો. આ દુખાવો સહન ન થતાં તેમણે ઝેરી દવા પી લીધી હતી, જેથી તેમનું મોત થયું હતું. બનાવ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે. જી. ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લાઠી તાલુકાના કાંચરડી ગામે કપાસિયા ખોળના વેપારી સાથે ૨૬ લાખની ઠગાઈ

લાઠી, તા.૨૪

લાઠી તાલુકાના કાંચરડી ગામે કપાસિયા ખોળના વેપારીઓ સાથે 'ગોપાલ એન્ડ કંપની' નામે કમિશન એજન્ટ તરીકે કામ કરતા શખ્સ સામે રૂ. ૨૬ લાખથી વધુની રકમનો ગુનાહિત વિશ્વાસઘાત અને ઠગાઈ કરવાનો ગુનો નોંધાયો છે.આ બનાવ અંગે નારણગઢ (નવાગામ)ના રહેવાસી મંગલસિંહ કુબેરભાઈ ખેર (ઉ.વ. ૩૬)એ હરિયાણાના હિસારના સુનીલકુમાર શર્મા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપી દલાલે કાંચરડી ગામસ્થિત 'પીતાંબર કોટેક્ષ' ખાતેથી વેપારીનો વિશ્વાસ કેળવી ૧૫ દિવસની ઉધારીના ભરોસે કુલ રૂ. ૧૮,૧૦,૦૬૨નો કપાસિયા ખોળ મંગાવ્યો હતો. જેમાંથી બાકી નીકળતા રૂ. ૧૨,૧૧,૦૬૬ માટે ફરિયાદીએ વારંવાર ઉઘરાણી કરવા છતાં આરોપીએ રકમ ચૂકવી નહોતી.આ ઉપરાંત, આ જ આરોપીએ 'માતંગી કોટન ઈન્ડસ્ટ્રીઝ'ના સંચાલક/સાક્ષીનો વિશ્વાસ કેળવી ૧૫ દિવસની ઉધારી પર અલગ-અલગ બિલથી કપાસિયા ખોળ ખરીદ્યો હતો અને વારંવાર ઉઘરાણી કરવા છતાં બાકી નીકળતા રૂ. ૧૩,૯૨,૮૧૭ ચૂકવ્યા નહોતા.આમ, આરોપીએ ફરિયાદી તથા સાક્ષી બંને સાથે વિશ્વાસઘાત કરીને કુલ રૂ. ૨૬,૦૩,૮૮૩ની રકમ હડપ કરી લીધી હતી. ઘટના અંગે લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ. એમ. રાધનપરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## તંત્રી લેખ

# હાઈજેક થયેલા વિદ્યાર્થી આંદોલન પાછળ વિદેશી દોરી સંચાર

લોકશાહી વ્યવસ્થામાં આંદોલન નાગરિકોના અવાજને વ્યક્ત કરવાનો બંધારણીય અધિકાર છે. વિદ્યાર્થીઓ સહિત કોઈપણ વર્ગ પોતાની સમસ્યાઓ અને માંગણીઓ સરકાર સમક્ષ શાંતિપૂર્ણ રીતે રજૂ કરી શકે છે. જોકે, જ્યારે કોઈ આંદોલન વિશે વિદેશી પ્રભાવ, રાજકીય હસ્તક્ષેપ અથવા ગેરકાયદે ભંડોળ જેવા આરોપો સામે આવે છે, ત્યારે તેની નિષ્પક્ષ અને કાયદાકીય તપાસ થવી જરૂરી બને છે. પરંતુ તપાસ પૂર્ણ થાય તે પહેલાં કોઈ વ્યક્તિ, સંસ્થા અથવા સમગ્ર આંદોલન વિશે નિશ્ચિત તારણ પર પહોંચવું યોગ્ય નથી. તાજેતરના સમયમાં વિદ્યાર્થીઓના વિવિધ આંદોલનો દરમિયાન પેપર લીક, પરીક્ષા વ્યવસ્થાની પારદર્શિતા અને યુવાનોના ભવિષ્ય જેવા મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે. પેપર લીક જેવી ઘટનાઓ લાખો વિદ્યાર્થીઓની મહેનત પર અસર કરે છે. તેથી આવા ગુનાઓમાં સંડોવાયેલા તત્વો સામે કડક કાર્યવાહી કરવી સરકાર અને તપાસ એજન્સીઓની જવાબદારી છે. જો વિશેષ તપાસ ટીમ (SIT) અથવા અન્ય એજન્સીઓની રચના કરવામાં આવી હોય, તો તેનો હેતુ જવાબદારોને કાયદા મુજબ સજા અપાવવાનો છે. આ સમગ્ર ચર્ચામાં સોનમ વાંગચૂકનું નામ પણ અનેક વખત સામે આવ્યું છે. તેઓ શિક્ષણ અને પર્યાવરણ ક્ષેત્રે પોતાના કાર્ય માટે જાણીતા રહ્યા છે. તેમની સંસ્થાઓ અથવા અન્ય કોઈ સંસ્થા અંગે જો વિદેશી ભંડોળ સંબંધિત તપાસ ચાલી રહી હોય, તો તે તપાસ કાયદાકીય પ્રક્રિયાનો ભાગ છે. તપાસ પૂર્ણ થાય અને સત્તાવાર નિષ્કર્ષ જાહેર થાય ત્યાં સુધી કોઈપણ વ્યક્તિને દોષિત અથવા નિર્દોષ જાહેર કરવું યોગ્ય નથી. પારદર્શિતા અને જવાબદારી દરેક સંસ્થા માટે મહત્વપૂર્ણ છે, પરંતુ સાથે સાથે કાયદાકીય પ્રક્રિયાનું સન્માન કરવું પણ એટલું જ જરૂરી છે. આંદોલન દરમિયાન હિંસા, જાહેર સંપત્તિને નુકસાન, પોલીસ અથવા પત્રકારો પર હુમલા જેવી ઘટનાઓ બને તો તે નિંદનીય છે અને કાયદા મુજબ કાર્યવાહી થવી જોઈએ. બીજી તરફ, શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવવાનો અધિકાર પણ લોકશાહીનો અભિન્ન ભાગ છે. તેથી કોઈપણ ઘટનાનું મૂલ્યાંકન વ્યક્તિગત કૃત્યોના આધારે થવું જોઈએ, સમગ્ર આંદોલન અથવા તમામ વિદ્યાર્થીઓ વિશે એકસરખું તારણ કાઢવું યોગ્ય નથી. વિદેશી ભંડોળના નિયમન માટે ભારતનો એફસીઆરએ ( ફોઈગ્ન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ) કાયદો અમલમાં છે. આ કાયદાનો હેતુ વિદેશી ફંડિંગમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાનો છે. જો કોઈ સંસ્થા કાયદાનું ઉલ્લંઘન કરતી હોવાનું જણાય, તો તેની સામે કાયદા મુજબ કાર્યવાહી થઈ શકે છે. જોકે, કોઈપણ સંસ્થા અથવા વ્યક્તિ વિશેના આરોપોને અંતિમ સત્ય તરીકે સ્વીકારતા પહેલાં સત્તાવાર તપાસના પરિણામોની રાહ જોવી જરૂરી છે. અંતે, લોકશાહીમાં સરકાર, વિરોધ પક્ષ, વિદ્યાર્થીઓ, મીડિયા અને નાગરિક સમાજ બધાની પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા છે. યુવાનોના હિતોની સુરક્ષા, પરીક્ષા પ્રણાલીમાં વિશ્વાસ જાળવવો અને કાયદાનું શાસન મજબૂત બનાવવું સૌની સંયુક્ત જવાબદારી છે. મતભેદ હોવા છતાં ચર્ચા, સંવાદ અને કાયદાકીય પ્રક્રિયાના માર્ગે આગળ વધવું જ લોકશાહીની સાચી તાકાત છે. સંતુલિત દૃષ્ટિકોણ, તથ્યો પર આધારિત ચર્ચા અને બંધારણીય મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા દેશના હિતમાં સૌથી વધુ જરૂરી છે.

# વનતારા એટલે જીવદયાનું વૈશ્વિક મહાતીર્થ

**જામનગરમાં આકાર લઈ રહેલા આ માનવતાના મહાયજ્ઞએ સુપ્રીમ કોર્ટની મહોર સાથે વિશ્વમાં ભારતનું ગૌરવ વધાર્યું**

**પ્રાસંગિક — સુરેશ દેસાઈ**




આજના સમયમાં પર્યાવરણનું સંતુલન જાળવવું અને વન્યજીવોનું સંરક્ષણ કરવું સમગ્ર વિશ્વ માટે સૌથી મોટો પડકાર બની ગયો છે. જંગલોનું ઘટતું ક્ષેત્રફળ, વધતું શહેરીકરણ, શિકાર, ગેરકાયદે વન્યજીવ વેપાર અને માનવ હસ્તક્ષેપના કારણે અસંખ્ય પ્રાણીઓનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. આવી સ્થિતિમાં ઘાયલ, બીમાર, અનાથ અથવા અત્યાચારનો ભોગ બનેલા પ્રાણીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાનની જરૂરિયાત વધી છે. ગુજરાતના જામનગર ખાતે સ્થાપિત વનતારા એવો જ એક અનોખો પ્રકલ્પ છે, જે માત્ર પ્રાણીઓના બચાવ અને સારવાર પૂરતો મર્યાદિત નથી, પરંતુ જીવદયા, પર્યાવરણ સંરક્ષણ અને આધુનિક પશુચિકિત્સા સેવાઓનું ઉત્તમ ઉદાહરણ પણ છે. જામનગરમાં રિલાયન્સ ગ્રીન એનર્જી કોમ્પ્લેક્સની નજીક ત્રણ હજાર એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલો વનતારા વિશ્વના સૌથી મોટા પ્રાણી બચાવ, પુનર્વસન અને સંરક્ષણ કેન્દ્રોમાં સ્થાન ધરાવે છે. તેની સ્થાપના રિલાયન્સ પરિવારના અનંત અંબાણીએ કરી છે અને તેનું સંચાલન રાધે કૃષ્ણ ટેમ્પલ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. મહત્વની વાત એ છે કે વનતારા કોઈ પ્રાણી સંગ્રહાલય, મનોરંજન પાર્ક કે સર્કસ નથી. અહીં એવા પ્રાણીઓને આશ્રય આપવામાં આવે છે, જેઓ શોષણનો ભોગ બન્યા હોય, ઘાયલ હોય, બીમાર હોય, અનાથ હોય અથવા ગેરકાયદે વેપાર અને કતલખાનામાંથી બચાવવામાં આવ્યા હોય. વનતારામાં અત્યાર સુધીમાં બે હજારથી વધુ હાથીઓ સહિત અંદાજે દોઢ લાખથી વધુ પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપોને નવું જીવન મળ્યું હોવાનું જણાવવામાં આવે છે. અહીં હાથી, સિંહ, વાઘ, દીપડો, ગેંડો, મગર, હરણ, વાંદરા, વિવિધ પ્રકારના પક્ષીઓ તેમજ અનેક દુર્લભ પ્રજાતિઓની સંભાળ લેવામાં આવે છે. દરેક પ્રાણીની શારીરિક અને માનસિક સ્થિતિને ધ્યાનમાં રાખીને તેની સારવાર અને પુનર્વસનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. વનતારાની સૌથી વિશેષ ઓળખ તેની અત્યાધુનિક પશુ હોસ્પિટલ છે. વિશ્વસ્તરીય સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલમાં એમઆરઆઈ, સીટી સ્કેન, અલ્ટ્રાસાઉન્ડ, ડિજિટલ એક્સ-રે, આઈસીયુ, ડાયાલિસિસ, આધુનિક પ્રયોગશાળાઓ અને જટિલ સર્જરી માટેના ઓપરેશન થિયેટરની સુવિધા ઉપલબ્ધ છે. વિશાળકાય હાથીથી લઈને નાના પક્ષી સુધી દરેક પ્રાણી માટે અલગ પ્રકારની સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં દેશ-વિદેશના અનુભવી પશુચિકિત્સકો, વન્યજીવ નિષ્ણાતો, જીવવિજ્ઞાનીઓ અને સંશોધકોની ટીમ સતત કાર્યરત રહે છે. વનતારાની કાર્યપદ્ધતિનો સૌથી મહત્વપૂર્ણ પાસો એ છે કે અહીં પ્રાણીઓનો કોઈપણ પ્રકારના વ્યાવસાયિક ઉપયોગ કરવામાં આવતો નથી. તેમને મનોરંજન માટે પ્રદર્શિત કરવામાં આવતા નથી કે કોઈ પ્રકારનું કામ કરાવવામાં આવતું નથી. હાથીઓ માટે વિશાળ ખુલ્લા વિસ્તાર, કુદરતી તળાવો, કાદવ સ્નાન, હાઈડ્રોથેરાપી અને તેમની શારીરિક જરૂરિયાતોને અનુરૂપ વિશેષ આહારની વ્યવસ્થા કરવામાં આવી છે. શક્ય હોય ત્યાં સુધી પ્રાણીઓને કુદરતી વાતાવરણમાં મુક્તપણે જીવવાની તક આપવામાં આવે છે. આ અભિગમ વનતારાને પરંપરાગત પ્રાણી સંગ્રહાલયોથી અલગ ઓળખ આપે છે. વનતારા માત્ર પ્રાણીઓની સારવાર સુધી મર્યાદિત નથી. અહીં વન્યજીવ સંરક્ષણ, પ્રજનન, સંશોધન અને જૈવવિવિધતાના જતન માટે પણ સતત પ્રયાસો કરવામાં આવે છે. અનેક દુર્લભ અને લુપ્ત થવાના આરે પહોંચેલી પ્રજાતિઓના સંરક્ષણ માટે વિશેષ કાર્યક્રમો ચલાવવામાં આવે છે. આ ઉપરાંત યુવા પશુચિકિત્સકો અને સંશોધકોને તાલીમ આપવાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે, જેના કારણે ભવિષ્યમાં વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે વધુ નિષ્ણાતો તૈયાર થઈ શકે છે. તાજેતરના સમયમાં વનતારાની કામગીરી અંગે કેટલાક પ્રશ્નો અને આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. આ મુદ્દો સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ વિશેષ તપાસ ટીમ દ્વારા કરવામાં આવેલી તપાસના અહેવાલને સર્વોચ્ચ અદાલતે સ્વીકાર્યો હતો. અહેવાલમાં જણાવાયું હતું કે વનતારામાં પ્રાણીઓના બચાવ, પરિવહન અને સંભાળ માટે જરૂરી નિયમો અને કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવામાં આવે છે. અદાલત દ્વારા આ અહેવાલ સ્વીકારવામાં આવ્યા બાદ વનતારાની કામગીરી અંગે અનેક શંકાઓ દૂર થઈ હોવાનું માનવામાં આવે છે. આ સમગ્ર ઘટનાએ એક મહત્વપૂર્ણ ચર્ચાને પણ જન્મ આપ્યો છે કે ભારતમાં મોટા પાયે થતી પર્યાવરણ અને પ્રાણી કલ્યાણ સંબંધિત પહેલ અંગે સમાજમાં તથ્યાધારિત ચર્ચા થવી જોઈએ. કોઈપણ સંસ્થા કે પ્રકલ્પ અંગે અભિપ્રાય વ્યક્ત કરતાં પહેલાં તેના કાર્ય, કાયદાકીય સ્થિતિ અને ઉપલબ્ધ પુરાવાઓનું નિષ્પક્ષ મૂલ્યાંકન કરવું જરૂરી છે. પ્રાણી કલ્યાણ જેવા સંવેદનશીલ વિષયમાં તથ્યોના આધારે ચર્ચા કરવી સમાજના હિતમાં છે. વનતારાની એક બીજી નોંધપાત્ર વિશેષતા તેની પર્યાવરણમૈત્રી કાર્યપદ્ધતિ છે. અહીં પ્રાણીઓના છાણમાંથી બાયોગેસનું ઉત્પાદન કરવામાં આવે છે, પાણીનું પુનઃચક્રિયકરણ કરવામાં આવે છે અને પ્રાણીઓ માટે ઉગાડવામાં આવતો ખોરાક મોટા ભાગે ઓર્ગેનિક પધ્ધતિથી તૈયાર કરવામાં આવે છે. વિશાળ વિસ્તારમાં વૃક્ષારોપણ અને હરિયાળી વિકસાવીને કૃત્રિમ જંગલ જેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે, જેના કારણે સ્થાનિક પર્યાવરણને પણ લાભ થયો છે. ભારતીય સંસ્કૃતિમાં જીવદયા અને પ્રકૃતિ પ્રત્યે આદરનું વિશેષ સ્થાન છે. આપણા શાસ્ત્રોમાં તમામ જીવમાત્રમાં પરમાત્માનું અસ્તિત્વ માનવામાં આવ્યું છે. વનતારા આ વિચારને આધુનિક વિજ્ઞાન અને વ્યવસ્થાપન સાથે જોડવાનો પ્રયાસ કરે છે. અહીં પ્રાણીઓને માત્ર બચાવવામાં આવતા નથી, પરંતુ તેમને સન્માનપૂર્ણ અને સ્વાભાવિક જીવન જીવવાની તક આપવામાં આવે છે. આ અભિગમ માનવતા અને કરુણાના મૂલ્યોને વધુ મજબૂત બનાવે છે. આજના સમયમાં જ્યારે વિશ્વભરમાં જૈવવિવિધતાના સંરક્ષણ અંગે ગંભીર ચિંતા વ્યક્ત થઈ રહી છે, ત્યારે વનતારા જેવા પ્રકલ્પો આશાનું પ્રતીક બની શકે છે. આવા પ્રયાસો માત્ર પ્રાણીઓનું જીવન બચાવતા નથી, પરંતુ આગામી પેઢીઓને પર્યાવરણ પ્રત્યે વધુ સંવેદનશીલ બનવાનો સંદેશ પણ આપે છે. સંરક્ષણ, સંશોધન, સારવાર અને પુનર્વસનને એક જ સ્થળે સંકલિત કરતી આ પહેલ વૈશ્વિક સ્તરે પણ અભ્યાસનો વિષય બની શકે છે. અંતમાં એટલું કહી શકાય કે વનતારા માત્ર એક સંસ્થા કે પ્રોજેક્ટ નથી, પરંતુ જીવદયા, પર્યાવરણ સંરક્ષણ અને વૈજ્ઞાનિક અભિગમનું અનોખું સંયોજન છે. પ્રાણીઓ પ્રત્યે કરુણા, જવાબદારી અને સંવેદનશીલતા જેવા મૂલ્યોને આગળ વધારવાનો તેનો પ્રયાસ પ્રશંસનીય છે. ભવિષ્યમાં પણ આવા પ્રકલ્પો વધુ મજબૂત બને અને પ્રાણી કલ્યાણ ક્ષેત્રે ભારત વિશ્વને નવી દિશા બતાવે, તેવી અપેક્ષા રાખી શકાય.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૯૦૭ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૧૦૭૫ | ૧૧૯૦ |
| જુવાર લાલ | ૧૦૫૦ | ૧૩૯૦ |
| બાજરી | ૪૦૩ | ૪૮૦ |
| તુવેર | ૧૦૧૦ | ૧૫૪૮ |
| ચણા પીળા | ૧૦૭૦ | ૧૨૬૫ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૮૮૦ |
| અડદ | ૧૪૦૦ | ૨૦૫૧ |
| મગ | ૧૧૩૩ | ૧૭૮૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૧૧૬ |
| ચોળી | ૯૫૦ | ૧૭૧૮ |
| વટાણા | ૫૦૦ | ૮૫૨ |
| રાજમા | ૧૦૦૦ | ૨૧૭૪ |
| સીંગદાણા | ૧૭૨૫ | ૨૩૦૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૩૫ |
| તલી | ૨૨૫૦ | ૨૫૩૫ |
| સુરજમુખી | ૧૨૨૫ | ૧૨૨૫ |
| એરંડા | ૧૨૦૦ | ૧૪૦૩ |
| અજમો | ૧૩૦૦ | ૨૭૦૧ |
| સુવા | ૧૨૬૧ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૧૯૦ | ૧૪૫૦ |
| સીંગફાડા | ૧૫૦૦ | ૧૮૫૦ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૬૪૦ |
| લસણ | ૧૧૪૦ | ૨૧૦૦ |
| ધાણા | ૨૪૫૦ | ૩૦૨૫ |
| ધાણી | ૨૪૭૫ | ૩૦૫૦ |
| વરીયાળી | ૧૫૦૦ | ૨૦૦૨ |
| જીરૂ | ૩૩૧૧ | ૩૯૭૫ |
| રાય | ૧૩૫૦ | ૧૯૨૭ |
| મેથી | ૯૭૦ | ૨૦૦૦ |
| ઇસબગુલ | ૧૧૫૦ | ૧૯૦૧ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૭૧૦ |
| રાયડો | ૧૨૮૦ | ૧૪૯૬ |
| રજકાનું બી | ૭૨૦૦ | ૯૧૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૩૧ | ૮૦૫ |
| પપૈયા | ૨૦૦ | ૪૦૦ |
| બટેટા | ૮૨ | ૨૯૧ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૪૪૫ |
| ટમેટા | ૨૨૬ | ૪૪૨ |
| સુરણ | ૬૫૪ | ૮૬૧ |
| કોથમરી | ૧૮૮૪ | ૨૫૨૭ |
| રીંગણા | ૬૧ | ૨૧૩ |
| કોબીજ | ૧૬૬ | ૪૭૧ |
| ફલાવર | ૫૨૮ | ૭૩૬ |
| ભીંડો | ૪૧૧ | ૭૮૬ |
| ગુવાર | ૭૩૨ | ૧૧૫૬ |
| ચોળાસીંગ | ૩૬૬ | ૭૨૧ |
| ટીંડોળા | ૩૧૯ | ૬૨૩ |
| દુધી | ૨૪૪ | ૪૧૩ |
| કારેલા | ૨૨૬ | ૪૮૭ |
| સરગવો | ૬૦૩ | ૧૧૮૯ |
| તુરીયા | ૩૭૬ | ૭૩૯ |
| પરવર | ૫૨૬ | ૭૩૭ |
| કાકડી | ૨૬૪ | ૭૫૧ |
| ગાજર | ૨૫૬ | ૪૧૬ |
| વટાણા | ૨૦૨૫ | ૨૬૫૮ |
| ગલકા | ૧૨૭ | ૩૭૬ |
| બીટ | ૩૫૮ | ૭૬૨ |
| મેથી | ૧૦૧૮ | ૧૬૨૪ |
| ડુંગળી લીલી | ૨૮૩ | ૫૧૧ |
| આદુ | ૧૬૪૧ | ૩૦૧૫ |
| મરચા લીલા | ૬૨૩ | ૮૫૪ |
| મકાઇ લીલી | ૨૦૩ | ૩૬૪ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૬૩૬ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૭૪૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૭૧ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૩૭૧ | ૧૪૦૧ |
| તલ લાલ | ૨૪૧૧ | ૨૪૯૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૪૦૬૧ |
| કલંજી | ૧૫૦૧ | ૩૬૧૧ |
| ધાણા | ૨૩૦૧ | ૩૦૬૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૧૯૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૪૯૧ |
| અડદ | ૫૦૦ | ૧૯૧૧ |
| તુવેર | ૮૫૧ | ૧૫૮૧ |
| રાય | ૧૭૩૧ | ૧૭૩૧ |
| મેથી | ૧૩૦૧ | ૧૩૭૧ |
| કાંગ | ૬૬૧ | ૬૬૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૮૬ |
| તલ - તલી | ૧૯૭૬ | ૨૭૨૧ |
| ધાણી | ૨૪૦૧ | ૩૦૭૧ |
| બાજરો | ૩૩૧ | ૪૭૧ |
| જુવાર | ૧૨૫૧ | ૧૨૫૧ |
| મકાઇ | ૨૦૦ | ૨૫૧ |
| મગ | ૧૦૫૧ | ૧૮૦૧ |
| વાલ | ૮૯૧ | ૮૯૧ |
| ચોળા / ચોળી | ૧૦૪૧ | ૧૦૪૧ |
| સોયાબીન | ૧૩૬૧ | ૧૪૫૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| વટાણા | ૪૦૦ | ૮૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૨૦ | ૪૦૦ |
| મરચા | ૩૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૭૦૦ |
| ફલાવર | ૨૦૦ | ૭૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૩૦ | ૨૧૦ |
| ભીંડો | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦ | ૩૦૦ |
| ગાજર | ૨૦૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૪૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૪ | ૧૧ |
| કોથમીર પુરા | ૫ | ૧૫ |
| કાચા કેળા | ૧૫૦ | ૩૧૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૬૦૦ |
| આદુ | ૧૭૦૦ | ૩૦૦૦ |
| મકાઇ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૪૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| ફલાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શકકરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૪૫૦ | ૬૦૦ |
| સુરણ | ૮૨૦ | ૯૫૦ |
| ગાજર | ૫૨૦ | ૬૩૦ |
| દુધી | ૨૨૦ | ૨૬૦ |
| કારેલા | ૫૫૦ | ૬૩૦ |
| ગલકા | ૧૫૦ | ૨૦૦ |
| ચીભડા | ૪૦૦ | ૬૫૦ |
| કાકડી | ૩૫૦ | ૬૧૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૨૩૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૪૨૦ | ૫૩૦ |
| ભીંડો | ૫૫૦ | ૬૨૦ |
| વટાણા | ૨૯૦૦ | ૩૦૦૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૨૬૦૦ | ૩૦૦૦ |
| મેથીભાજી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ફોદીનો | ૬૫૦ | ૭૮૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૫૪૦ |
| લસણ સુકું | ૧૫૫૦ | ૨૪૦૦ |
| પાલક | ૬૮૦ | ૭૯૦ |
| લીબુ | ૬૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૨૦ | ૧૫૧૬ |
| શીંગ દાણા | ૨૦૦૦ | ૨૪૫૦ |
| તલ સફેદ | ---- | ૨૪૯૪ |
| તલ કાળા | ૩૨૦૧ | ૩૬૭૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૨૯ |
| મગ | ૧૨૦૦ | ૧૪૬૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૩૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૭૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૨૦૦ | ૧૩૫૧ |
| ઘઉં | ૪૪૮ | ૪૫૭ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૬૬ |
| તલ સફેદ | ૧૭૦૧ | ૨૦૩૫ |
| તલ કાળા | ૨૮૨૧ | ૨૮૨૧ |
| મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| શીંગ ફાડા | ૧૭૫૦ | ૧૭૫૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| બાજરો | ૩૧૦ | ૩૧૦ |
| સોયાબીન | ૧૨૮૫ | ૧૨૮૫ |
| **મહુવા** | | |
| જુવાર | ૩૦૦ | ૭૧૧ |
| બાજરી | ૪૦૪ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૯ |
| અડદ | ૧૯૭૫ | ૧૯૭૫ |
| ચણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૨૨૩૫ | ૨૫૦૧ |
| તલ કાળા | ૨૮૨૫ | ૨૮૨૫ |
| ડુંગળી લાલ | ૮૦ | ૫૧૩ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૪૨૫ |
| નાળીયેર | ૪૦૫ | ૪૨૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૫૦ | ૧૩૭૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૧૭ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૯ |
| રાય | ૧૫૦૦ | ૧૬૮૨ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| જુવાર | ૧૦૫૦ | ૧૧૪૬ |
| અડદ | ૧૯૦૦ | ૧૯૯૨ |
| મગ | ૧૪૦૦ | ૨૧૦૨ |
| ચણા | ૧૦૧૦ | ૧૨૦૦ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૪૪૬ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૯૦૫ |
| સોયાબીન | ૧૩૪૦ | ૧૪૨૦ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૦૯૯ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૧૧૦ | ૧૧૨૫ |
| બાજરી | ૩૦૦ | ૩૫૫ |
| ઘઉં | ૩૧૦ | ૫૨૬ |
| મગ | ૧૨૦૦ | ૧૫૮૫ |
| મેથી | ૧૪૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૧૧૭ | ૧૨૨૧ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૨૬૦ |
| મગફળી જીણી | ૭૦૦ | ૧૩૧૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૩૫૭ |
| તલી | ૧૩૦૦ | ૨૪૨૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૫૦૦ |
| રાયડો | ૧૨૮૦ | ૧૪૮૦ |
| લસણ | ૮૦૦ | ૧૯૬૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૪૫ |
| અજમો | ૧૭૦૫ | ૩૧૦૦ |
| અજમા ની ભૂસી | ૩૦ | ૨૫૦૫ |
| ધાણા-ધાણી | ૨૬૦૦ | ૩૦૦૦ |
| ડુંગળી સૂકી | ૧૧૫ | ૫૫૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૨૦૩૦ |
| વટાણા | ૨૪૦ | ૮૫૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૪૮૦ | ૩૧૫૧ |
| બાજરો | ૪૨૨ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૧ |
| જુવાર | ૧૨૦૧ | ૧૨૧૨ |
| મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ચણા | ૧૧૧૧ | ૧૧૪૧ |
| શીગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **ભેંસાણ** | | |
| ઘઉં | ૪૫૦ | ૪૮૦ |
| ચણા | ૧૧૦૬ | ૧૧૦૬ |
| મગફળી | ૧૦૯૧ | ૧૩૯૬ |
| શિંગદાણા | ૧૪૦૧ | ૧૯૦૬ |
| સોયાબીન | ૧૩૯૧ | ૧૪૧૬ |

## શબ્દ સંજોગ-૨૨૩૮



**આડી ચાવી :**
(૧) પરણતી વખતે કન્યાને પહેરવાનુ ધોળુ વસ્ત્ર (૪)
(૩) રકઝક, માથાકૂટ (૪)
(૬) એક ચોધડીયું (૨)
(૭) તમે, અધાંરુ (૨)
(૮) ધનુષની દોરી (૩)
(૧૦) ઈટાલીનું જાણીતુ શહેર (૨)
(૧૩) આજનો યુવક એક નાની... ને કારણે યુવતીના પ્રેમમાં પડી જાય છે. (૨)
(૧૫) પહોળુ અને જાડુ એક પાથરણુ (૩)
(૧૭) દાઢીની બંને બાજુ રખાતા વાળના લાંબા થોભિયામાનો પ્રત્યેક (૩)
(૧૯) એક જ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)
(૨૧) બારણુ, દરવાજો (૨)
(૨૩) સ્ત્રીઓનું એક ઘરેણુ (૨)
(૨૫) ભરતી, ઝાર (૩)
(૨૭) હિંડોળો, હીંચકો (૨)
(૨૮) એક જાતની ડાંગર (૩)
(૨૯) ઉંઘથી ઘોરવુ તે (૩)
(૩૧) દેવપૂજાનું પાણી (૩)
(૩૨) પાર ઉતારવુ તે, ઉધ્ધાર (૩)

**ઉભી ચાવી :**
(૧) પગના તળિયાનો એડી તરફનો ભાગ (૨)
(૨) ભોંય ખોદીને કરેલો ચૂલો (૩)
(૩) એક વનસ્પતિ (૩)
(૪) વાદ્ય પર વગાડવાની સ્વરોની રચના (૨)
(૫) કોલકાતાનું હવાઈમથક (૪)
(૯) છળ, ખોટોવેશ (૨)
(૧૧) લહેર, આનંદ (૨)
(૧૨) ખોટા દાનતથી બોલાયેલુ.....સત્ય પણ સો ભયંકર જૂઠાણાઓ કરતાય વધુ ખતરનાક છે. (૩)
(૧૪) સેંકડાના પ્રમાણમાં ગણતરી (૨)
(૧૬) સાપની કાંચળી (૨)
(૧૮) અંગ્રેજીમાંથી ગુજરાતી કરો (૪)
(૨૦) લશ્કરી વહાણ (૪)
(૨૨) દુકાળ, ક્રોધ (૨)
(૨૪) અખરામણ, મિશ્રણ (૪)
(૨૬) વગાડવુ તે (૩)
(૨૮) એક વાનગી (૨)
(૨૯) એક ફેરે રંધાય એટલો જથ્થો (૨)
(૩૦) શરીરની રગોની ખેંચ (અ)

## શબ્દ સંજોગ-૨૨૩૭ જવાબ

**આડી ચાવી:** (૧) ધૂમ (૪) સરકાર (૭) નવલકિશોર (૯) મસ (૧૦) નવલ (૧૧) યાદ (૧૩) ધરમ (૧૬) રસિક (૧૮) વજૂ (૧૯) કપિ (૨૦) વર (૨૧) હલ (૨૨) ભવાયો (૨૩) પેટાળ (૨૪) નવાણ (૨૫) ખેંચ (૨૬) ધનેશ્વર (૨૮) મોર (૨૯) રડકણ.

**ઉભી ચાવી:** (૧) ધૂન (૨) મવન (૩) કોકિલ (૪) સર (૫) કામદ (૬) રસ (૮) લવચીક (૧૧) યામ (૧૨) શૈરવ (૧૩) ધવલ (૧૪) રજૂ (૧૫) રૂપિયો (૧૭) સિરપેચ (૧૯) કવાણ (૨૧) હળધર (૨૨) ભવારડ (૨૪) નશ્વર (૨૫) ખેંચ (૨૭) ભાણ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# નવસારી શહેરનો ૩૦ ટકા વિસ્તાર પાણીમાં ગરકાવ, ૩૦થી વધુ લોકોને હવાઈમાર્ગે સુરક્ષિત સ્થળે ખસેડાયા

**સેના અને NDRFની ટીમોની યુધ્ધના ધોરણે કામગીરી**



નવસારી,તા.૨૪

દક્ષિણ ગુજરાતમાં સતત વરસાદ અને પૂર્ણા, અંબિકા તથા કાવેરી નદીઓમાં આવેલા પૂરના કારણે નવસારીમાં ગંભીર સ્થિતિ સર્જાઈ છે. શહેરનો અંદાજે ૩૦ ટકા વિસ્તાર પાણીમાં ગરકાવ થતાં હજારો પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. શાંતાદેવી રોડ સહિત અનેક વિસ્તારોમાં ઘરોમાં ૧૦થી ૧૨ ફૂટ સુધી પાણી ભરાઈ જતાં લોકો ઘરમાં જ ફસાઈ ગયા હતા. બચાવ માટે સેના, એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમોએ યુધ્ધના ધોરણે કામગીરી શરૂ કરી છે. ગણદેવીના ભાટ ગામમાં ૩૦થી વધુ લોકોને હવાઈ માર્ગે સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જિલ્લામાં ૨૫૦થી વધુ રસ્તાઓ અને ત્રણ મુખ્ય રાજ્ય માર્ગ બંધ થઈ ગયા છે. ચીખલીમાં ૧૮ ઈંચ, ખેરગામમાં ૧૭ ઈંચ અને ગણદેવીમાં ૧૩ ઈંચ વરસાદ નોંધાયો છે. અંબિકા નદી ભયજનક સપાટીથી ઉપર ૪૨ ફૂટે વહેતા નીચાણવાળા વિસ્તારોમાં સ્થિતિ વધુ ગંભીર બની છે.

# અમરેલીના બે સ્ટેશનો પર વંદે ભારતને સ્ટોપેજ આપવા હિરેન હિરપરાની રજૂઆત

**સાસંદ ભરત સુતરીયા તથા પશ્ચિમ રેલવેના પ્રબંધક ને પણ રજુઆત કરાઈ**

અમરેલી,તા.૨૪

સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસના સુધારેલા રૂટને આવકારતા ભાજપ કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ હિરેન હિરપરાએ અમરેલી જિલ્લાના ચાર પૈકી ઓછામાં ઓછા બે રેલવે સ્ટેશનો પર ટ્રેનને નિયમિત સ્ટોપેજ આપવા માંગ કરી છે. વંદે ભારત ટ્રેન લાઠી, ચિતલ, મોટી કુંકાવાવ અને વડિયા સ્ટેશનો પરથી પસાર થવાની હોવા છતાં એકપણ સ્ટેશનને સ્ટોપેજ મળ્યું નથી.

હિરપરાએ જણાવ્યું કે જિલ્લાના ખેડૂતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ, દર્દીઓ અને યાત્રિકોને આ આધુનિક



રેલસેવાનો સીધો લાભ મળવો જોઈએ. તેમણે કેન્દ્રીય રેલવે મંત્રી સમક્ષ લેખિત રજૂઆત કરીને ભૌગોલિક સંતુલન, મુસાફરોની જરૂરિયાત અને ટેકનિકલ શક્યતાને ધ્યાનમાં રાખી બે સ્ટેશનો પર સ્ટોપેજ આપવા અપીલ કરી છે. આ અંગેની રજૂઆતની પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક તેમજ અમરેલીના સાંસદ ભરત સુતરીયાને પણ કરવામાં આવી છે. આ નિર્ણયથી જિલ્લાના વેપાર, પ્રવાસન અને આર્થિક વિકાસને પણ ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ૧૦ શંકાસ્પદ આંતકીઓના રીમાન્ડ પુરા જતા સાબરમતી જેલહવાલે કરાયા


અમદાવાદ,તા.૨૪

ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્કવાડ દ્વારા પકડાયેલા ૧૦ શંકાસ્પદ આતંકવાદીઓના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં તેમને કડી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે વધુ પોલીસ રિમાન્ડની માંગ ન હોવાથી તમામ આરોપીઓને અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ મોકલવાનો આદેશ કર્યો હતો. અગાઉ મહેસાણા સબજેલમાં રાખવામાં આવેલા ત્રણ આરોપીઓને પણ સાબરમતી મધ્યસ્થ જેલમાં ખસેડવામાં આવ્યા છે. હવે આ કેસના તમામ ૧૩ આરોપીઓ એક જ જેલમાં રહેશે. સમગ્ર કાર્યવાહી દરમિયાન કડી કોર્ટ અને આરોપીઓના સ્થળાંતર દરમિયાન કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન મળેલા પુરાવા અને માહિતીના આધારે એટીએસ દ્વારા કેસની વધુ તપાસ ચાલુ રાખવામાં આવી છે.

# દક્ષિણ ગુજરાતના ભારે વરસાદથી સુરત-મુંબઈ રેલવે વ્યવહાર ઠપ, હજારો મુસાફરો સ્ટેશન પર અટવાયા

સુરત,તા.૨૪

દક્ષિણ ગુજરાતમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે પશ્ચિમ રેલવેનો સુરત-મુંબઈ રૂટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. ઘોલવડ, ઉમરગામ અને બીલીમોરા રેલવે સ્ટેશન નજીક રેલવે ટ્રેક પર વરસાદી પાણી ફરી વળતા અનેક ટ્રેનોના પૈડાં થંભી ગયા હતા. ગઈકાલ રાતથી અત્યાર સુધીમાં ૨૦થી વધુ ટ્રેન



સેવાઓ રદ કરવામાં આવતા સુરત રેલવે સ્ટેશન પર હજારો મુસાફરો અટવાઈ પડ્યા છે. લાંબા સમયથી ટ્રેનની રાહ જોતા મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સ્ટેશન પર પૂરતી બેસવાની અને આરામ કરવાની વ્યવસ્થા ન હોવાથી મહિલાઓ, બાળકો અને વૃધ્ધોએ પ્લેટફોર્મ પર જ ચાદર પાથરીને રાત પસાર કરી હતી. મુસાફરોએ આક્ષેપ કર્યો હતો કે ઈમરજન્સી જેવી સ્થિતિ હોવા છતાં રેલવે તંત્ર તરફથી પૂરતી સુવિધાઓ આપવામાં આવી નથી. કેટલાક મુસાફરોએ શૌચાલયના ઉપયોગ માટે ૫૦ રૂપિયા સુધી વસૂલવામાં આવ્યાનો પણ આક્ષેપ કર્યો હતો, જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

# ધોરાજીમાં ધીમીધારે વરસાદથી સિઝનનો વરસાદ ૧૪ ઈંચે પહોંચ્યો


**ચેક ડેમ ઓવરફ્લો થતા પાણીની આવક**

ધોરાજી,તા.૨૪

ધોરાજીમાં છેલ્લા ત્રણ દિવસથી ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. ગતરાત્રિના ભારે વરસાદ બાદ આજે સાંજના છ વાગ્યા સુધીમાં અંદાજે બે ઈંચ વરસાદ નોંધાયો હતો. સમગ્ર રાજકોટ જિલ્લામાં સૌથી વધુ વરસાદ ધોરાજીમાં નોંધાતા સિઝનનો કુલ વરસાદ ૧૪ ઈંચની આસપાસ પહોંચ્યો છે. વાવણી પૂર્ણ થયા બાદ સમયસર વરસાદ મળતા ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે અને ખેતી માટે અનુકૂળ માહોલ સર્જાયો છે. સતત વરસાદ છતાં શહેરમાં ક્યાંય પાણી ભરાવા કે અન્ય મોટી મુશ્કેલી ઉભી થઈ નથી. વિસ્તારના તમામ ચેકડેમો ઓવરફ્લો થતા પાણીની સારી આવક નોંધાઈ છે.

# જસદણ તાલુકાના પાંચવડા ગામ નજીક નદી કાંઠેથી બંધ સૂટકેસમાંથી કોહવાયેલો મૃતદેહ મળતા ચકચાર: હત્યાની આશંકા

જસદણ,તા.૨૪



જસદણ તાલુકાના પાંચવડા ગામે નદી કાંઠેથી એક બિનવારસી બંધ સૂટકેસમાંથી અજાણ્યા શખ્સનો કોહવાયેલી અને માનવ કંકાલ જેવી હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. સ્થાનિક લોકોની જાણ થતાં જ આટકોટ પોલીસ ટીમ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસની હાજરીમાં સૂટકેસ ખોલવામાં આવતા અંદરથી જીન્સનું પેન્ટ અને શર્ટ પહેરેલી હાડપિંજર બનેલી લાશ મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં કોઈ શખ્સની હત્યા કરી પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી મૃતદેહને સૂટકેસમાં પેક કરી ફેંકી દેવાયો હોવાની શંકા સેવાઈ રહી છે. બનાવની ગંભીરતા જોઈને આટકોટ પોલીસ, રાજકોટ ગ્રામ્ય **LCB** અને **SOG** ની ટીમોએ સ્થળ તપાસ કરી મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે મોકલી આપ્યો છે. પોલીસે ગુમશાહ નોંધી મૃતકની ઓળખ મેળવવા અને આ હત્યા પાછળના કારણો તથા આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ઉપરવાસમાં ભારે વરસાદથી ધોરાજીનો ભાદર-૨ ડેમ ઓવરફ્લો, ૫ દરવાજા ૬ ફૂટ ખોલાતા તંત્ર દ્વારા એલર્ટ

ધોરાજી,તા.૨૪

સૌરાષ્ટ્રના મોટા ગણાતા ડેમો પૈકી ધોરાજી પાસે આવેલ ભાદર-૨ ડેમ ઉપરવાસમાં થયેલા સારા વરસાદને પગલે પૂરતો ભરાઈ જઈ ઓવરફ્લો થવા પામ્યો છે. ભાદર-૨ ડેમના સેક્શન અધિકારી ધ્રુવ મહેતાના જણાવ્યા અનુસાર, ઉપરવાસમાં સારા વરસાદને લીધે ડેમમાં ૪૦ હજાર ક્યુસેક પાણીની પુષ્કળ



તસવીર : નયન ફુહાડીયા

આવક થઈ છે. હાલ ૫૨.૫૦ રૂલ લેવલ જાળવી રાખીને ૪૦ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૪૦ હજાર ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે, જેના માટે ડેમના ૫ દરવાજા ૬ ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે. ડેમમાંથી પાણી છોડાતા તંત્ર દ્વારા નદીકાંઠા તેમજ નીચાણવાળા વિસ્તારોમાં આવેલા ગામોને સાવધ કરી એલર્ટ કરવામાં આવ્યા છે. લોકોને નદીકાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં ન જવા માટે તંત્ર દ્વારા સૂચના આપી દેવામાં આવી છે. બીજી તરફ, ધોરાજી વિસ્તારમાં થયેલી મેઘમહેરથી ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

# રાજુલાનાં રામપરા ખાતે ગુરુ પૂર્ણિમા અને ધ્વજા મહોત્સવની ભવ્ય ઉજવણી કરાશે

**રામદાસબાપુની તપોભૂમિ પર વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન**

અમરેલી,તા.૨૪

ભારતીય સંસ્કૃતિમાં ગુરુ પૂર્ણિમાનો ઉત્સવ ગુરુ પ્રત્યેની અસીમ શ્રધ્ધા, કૃતજ્ઞતા અને આધ્યાત્મિક ચેતનાનું પવિત્ર પ્રતીક માનવામાં આવે છે. આ પવિત્ર પર્વ નિમિત્તે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રામપરા-૨ સ્થિત, રામદાસબાપુની તપોભૂમિ વૃંદાવન બાગ લાલજી મંદિરે ૨૯ જુલાઈ ૨૦૨૬, બુધવારના રોજ ભવ્ય ગુરુ પૂર્ણિમા તથા ધ્વજા મહોત્સવ યોજાશે. આ મહોત્સવ અંતર્ગત સવારે સુંદરકાંડ પાઠ, કોવાયાથી શોભાયાત્રા, ગુરુ પૂજન, ધ્વજારોહણ અને મહાપ્રસાદ જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. મહંત રાજેન્દ્રદાસબાપુ તથા આયોજકો દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ પ્રસંગે પધારી ધાર્મિક લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ સંસ્થા ગૌશાળા, વિદ્યાલય, છાત્રાલય અને અન્નક્ષેત્ર જેવી સામાજિક પ્રવૃત્તિઓ પણ ચલાવે છે.

# ધોરાજીમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા રોપાનું નિઃશુલ્ક વિતરણ કરાયું


ધોરાજી,તા.૨૪



ધોરાજીમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા રોપાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના હોદ્દેદાર પી. સી. ગુંદણિયા, નીતિનભાઈ, પલ્લવીબેન, બાબુભાઈ જાગાણી સહિતના કાર્યકર્તાઓ દ્વારા ગેલેક્સી ચોક ખાતે નાગરિકોને વિવિધ પ્રકારના રોપાનું વિતરણ કરીને પર્યાવરણની જાગૃતિનો સંદેશ આપ્યો હતો.

# કોડીનારના જંત્રાખડીમાં ખોડીયાર મંદિરે ખડેશ્વરી બાપુની પુણ્યતિથિ ઊજવાશે

કોડીનાર,તા. ૨૪



કોડીનારના જંત્રાખડીમાં ખોડીયાર મંદિરે વ્યસન મુક્તિના પ્રણેતા પ. પૂ. બ્રહ્મલીન ખડેશ્વરીબાપુ (ગૌતમપૂરી મહારાજ)ની ૨૮મી પુણ્યતિથિ ૨૮ જુલાઈના રોજ ઉજવાશે. સવારે ૧૧ કલાકે બટુક ભોજન, રાત્રે ૧૦ કલાકે સંતવાણીનો કાર્યક્ર્મ રાખેલ છે,

જેમાં અંકિતાબેન સોની (ભજનીક) દિનેશગિરીબાપુ સંતવાણી, મનુબાપુ ગોંડલીયા, કેવલસિહ જાદવ, લોક સાહિત્યકાર મુન્નાભાઈ વગેરે ઉપસ્થિત રહેશે. ૨૯ જુલાઈના રોજ ગુરૂપૂજન વિધિ સવારે ૯ કલાક હોવાથી કોડીનાર તાલુકાના શ્રધ્ધાળુઓને મહંત વિરગીરીજી મહારાજ અને ખોડીયાર ભક્ત મંડળ દ્વારા સર્વેને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

---

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૨૪૩/૨૦૨૬
જન્મ તારીખ: ૨૫/૦૭/૧૯૮૬

કામળીયા હડમત મનજી,
રહે. મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર
જીલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા. કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કામળીયા હડમત મનજી, રહે. મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી કામળીયા હડમત મનજી તથા કામળીયા જવલબેન હડમત ના પુત્રી કામળીયા રાજેશ્રીબેન હડમતનો જન્મ તારીખ ૨૫/૦૭/૧૯૮૬ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાધોરણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

---

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૪૬/૨૦૨૬
મરણ તારીખ: ૧૪/૦૭/૨૦૧૭

બહેરુની સલમાબેન હાજીકાસમ અલી,
રહે. કોડીનાર, ગામ-કોડીનાર
તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ
એસ. વાય. સેલોત, કોડીનાર.

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલિકા, કોડીનાર, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીરસોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી બહેરુની સલમાબેન હાજીકાસમ અલી, રહે. કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ. કુલસનબીબી હાજીકાસમઅલી બહેરુનીનું મરણ તારીખ ૧૪/૦૭/૨૦૧૭ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાધોરણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૨ માહેઃ જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

---

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૨૧૪/૨૦૨૬
જન્મ તારીખ: ૨૫/૦૭/૧૯૬૭

પાણાવાઢુ ઓસમાણ મામદ,
રહે. વેરાવળ, ગામ-વેરાવળ, તાલુકો-વેરાવળ,
જીલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલિકા, કોડીનાર, તા.કોડીનારકોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પાણાવાઢુ ઓસમાણ મામદ, રહે. વેરાવળ, તાલુકો-વેરાવળ, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મામદ ઓસમાણ પાણાવાઢુ તથા ફાતમાબેન મામદ પાણાવાઢુ ના પુત્ર અબ્દુલલતીફ મામદ પાણાવાઢુનો જન્મ તારીખ ૨૫/૦૭/૧૯૬૭ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાધોરણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૨/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

---

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૨૪૮/૨૦૨૬
જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૭૩

લતીફભાઈ તૈયબભાઈ ધડુક,
રહે. દેવલપુર, ગામ-દેવલપુર, તાલુકો-કોડીનાર
જીલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત દેવલપુર, તા. કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લતીફભાઈ તૈયબભાઈ ધડુક, રહે. દેવલપુર, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી લતીફભાઈ તૈયબભાઈ ધડુક તથા હાજુબેન લતીફભાઈ ધડુક ના પુત્રી નજમાબેન લતીફભાઈ ધડુકનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૭૩ના રોજ કોડીનાર તાલુકાના દેવલપુર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાધોરણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો


**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# હિમાચલમાં મોટો પથ્થર વાહન પર પડતા ૧૩ પ્રવાસીના મોત

શિમલા,તા.૨૪

હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પીતી જિલ્લામાં પાંગી–ઉદયપુર માર્ગ પર ભયાનક દુર્ઘટના સર્જાતા ૧૩ લોકોના મોત થયા હતા જ્યારે બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ચંબાથી પ્રવાસે નીકળેલા લોકોનું વાહન કડુનાલા નજીકથી પસાર થઈ રહ્યું હતું ત્યારે પહાડ પરથી અચાનક મોટા પથ્થરો અને કાટમાળ તૂટી પડ્યો હતો. ભારે ખડકો સીધા વાહન પર પડતા વાહન કાટમાળ નીચે દટાઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં જ પોલીસ, બચાવ દળ અને સ્થાનિક વહીવટી તંત્રની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને રાહત કામગીરી શરૂ કરી હતી. ભારે વરસાદ અને સતત ભૂસ્ખલનના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલીઓ ઉભી થઈ હતી છતાં કાટમાળ હટાવીને ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ ઉદયપુર–કિલાડ માર્ગ અગાઉના દિવસે ભૂસ્ખલનને કારણે બંધ થઈ ગયો હતો. માર્ગ બંધ હોવાથી તમામ મુસાફરો ટીંડી વિસ્તારમાં અટવાઈ ગયા હતા. માર્ગ ફરી શરૂ થતાં તેઓ પાંગી તરફ રવાના થયા હતા પરંતુ થોડા અંતરે જ આ દુર્ઘટના બની હતી. બચાવ દળે એક ઘાયલને બહાર કાઢીને



સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો જ્યારે અન્ય લોકોને શોધવા કામગીરી સતત ચાલુ રાખવામાં આવી હતી. વહીવટી તંત્રે જણાવ્યું હતું કે બચાવ કામગીરી પૂર્ણ થયા બાદ જ મૃતકો અને ઘાયલો અંગેની અંતિમ માહિતી જાહેર કરવામાં આવશે.

ધારાસભ્ય જનક રાજે ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી તાત્કાલિક રાહત કામગીરી ઝડપી બનાવવા અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને અસરગ્રસ્તોને દરેક શક્ય સહાય પહોંચાડવાની ખાતરી આપી હતી. સતત વરસાદ અને જોખમી પરિસ્થિતિ વચ્ચે અધિકારીઓ સાથે સતત સંપર્ક રાખીને કામગીરીની માહિતી મેળવી રહ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

રાજ્યના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ પણ દુર્ઘટના પર શોક વ્યક્ત કરીને જિલ્લા વહીવટીતંત્રને બચાવ અને રાહત કામગીરી વધુ ઝડપી બનાવવા સૂચના આપી હતી. ઘાયલોને શ્રેષ્ઠ સારવાર અને મૃતકોના પરિવારને તમામ જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવા પણ જણાવ્યું હતું. પહાડી વિસ્તારોમાં સતત વરસાદ અને ભૂસ્ખલનના વધતા જોખમને ધ્યાનમાં રાખીને લોકોને હવામાનની માહિતી મેળવી સાવચેતીપૂર્વક મુસાફરી કરવાની અપીલ કરવામાં આવી છે. વહીવટી તંત્રે જોખમી માર્ગો પર બિનજરૂરી પ્રવાસ ટાળવા અને સુરક્ષા સૂચનાઓનું પાલન કરવાની પણ અપીલ કરી છે.

## વિદ્યાર્થીઓ સાથે દુશ્મનો જેવો વ્યવહાર થઈ રહ્યો છે: સોનિયા ગાંધી

નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ શિક્ષણ પ્રણાલી અને નીટ પેપર લીક મુદ્દે કેન્દ્ર સરકારની ટીકા કરી છે. તેમણે આરોપ લગાવ્યો કે જવાબદારી માંગતા વિદ્યાર્થીઓ સાથે સરકાર દુશ્મનો જેવો વ્યવહાર કરી રહી છે. સોનિયા ગાંધીએ કહ્યું કે વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ વિરોધ કરી રહ્યા છે, છતાં તેમના પર બળપ્રયોગ કરવામાં આવ્યો. તેમણે શિક્ષણમાં



વધતી ખામીઓ, પેપર લીકની ઘટનાઓ અને રોજગારીના અભાવ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી તથા વિદ્યાર્થીઓના ભવિષ્યની સુરક્ષા માટે સરકારને જવાબદારી નિભાવવાની અપીલ કરી હતી.

## શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અંગે કેન્દ્ર સરકાર આજે જવાબ આપશે

નવી દિલ્હી, તા.૨૪

નીટ પેપર લીક મુદ્દે ચાલી રહેલા વિરોધ વચ્ચે સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે ૨૬ દિવસની ભૂખ હડતાળ સમાપ્ત કરી છે. સરકાર સાથે અનેક તબક્કાની ચર્ચા બાદ લેખિત આશ્વાસન મળતા તેમણે ઉપવાસ પૂર્ણ કરવાનો નિર્ણય લીધો હતો. બીજી તરફ દિલ્હીના કોન્સ્ટિટ્યૂશન ક્લબમાં શુક્રવારે સીજેપી અને કેન્દ્ર સરકાર વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સરકાર તરફથી કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહ જ્યારે



સીજેપી તરફથી સૌરભ દાસ અને આશુતોષ રાંકા ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ સીજેપીના પ્રવક્તાઓએ સ્પષ્ટ કર્યું હતું કે, "શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી પર કોઈ જ તડજોડ શક્ય નથી." જોકે, સરકારે આત્મહત્યા કરનારા NEET પરીક્ષાર્થીઓના પરિવારોને વળતર આપવા અને વિરોધ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ સામે નોંધાયેલા કેસ પાછા ખેંચવાની માંગણીઓનો સકારાત્મક સ્વીકાર કર્યો છે. કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું કે CJP તરફથી ૩ મુખ્યા માંગણીઓ અને પરીક્ષા પધ્ધતિમાં સુધારા અંગે ૫ સૂચનો રજૂ કરવામાં આવ્યા છે. આ સમગ્ર મુદ્દે આંતરિક ચર્ચા કરવા સરકારે શનિવાર બપોર સુધીનો સમય માંગ્યો છે.

## બિહારમાં કેગ રિપોર્ટમાં નાણાકીય ગેરવહીવટના થયા ગંભીર ખુલાસા

પટણા, તા.૨૪

કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના તાજેતરના અહેવાલમાં રાજ્યની નાણાકીય વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. અહેવાલ મુજબ ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી વિવિધ વિભાગોના આશરે ૯૩ હજાર કરોડ રૂપિયાના ૬૨,૬૩૨ ઉપયોગિતા પ્રમાણપત્રો હજુ સુધી રજૂ કરવામાં આવ્યા નથી. સાથે જ વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ બજેટમાંથી અંદાજે ૭૭,૩૪૦ કરોડ રૂપિયા વણખર્ચાયેલા રહ્યા હોવાનું પણ સામે આવ્યું છે. પંચાયતી રાજ, શિક્ષણ, શહેરી વિકાસ અને આરોગ્ય વિભાગોમાં સૌથી વધુ પ્રમાણપત્રો બાકી હોવાનું જણાવાયું છે. કેગે જણાવ્યું કે સમયસર હિસાબ રજૂ ન થવાથી જાહેર નાણાંના ઉપયોગમાં પારદર્શિતા અને દેખરેખ પર અસર પડે છે. આ મુદ્દે નાણાં વિભાગ તરફથી સંતોષકારક જવાબ પણ મળ્યો નથી.

## સતત વરસાદને કારણે મુંબઈ-ગુજરાત હાઈવે પર ૪૦ કિમી લાંબો ટ્રાફિક જામ

**મુસાફરો અને સેનાના જવાનોને પણ ભારે હાલાકીનો સામનો**

મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સતત ૭૨ કલાકથી વરસી રહેલા મુશળધાર વરસાદને કારણે મુંબઈ-ગુજરાત નેશનલ હાઈવે પર ૩૫થી ૪૦ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે. વાપી ચેકપોસ્ટ નજીક




વાહનો કલાકો સુધી અટવાઈ ગયા છે, જેના કારણે મુસાફરો અને સેનાના જવાનોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદના કારણે દક્ષિણ ગુજરાતમાં રેલવે ટ્રેક પર પાણી ભરાતા અનેક ટ્રેનો વિવિધ સ્ટેશનો પર અટકાવવામાં આવી છે. પાલઘર જિલ્લામાં પૂર જેવી સ્થિતિ વચ્ચે બે લોકોના મોત થયા છે, જ્યારે બચાવ દળોએ ૨૪૪ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે અને રાહત તેમજ બચાવ કામગીરી સતત ચાલુ રાખવામાં આવી રહી છે.

## સોનમ વાંગચુકે ડોક્ટરોની સલાહનું પાલન કરવું જોઈએ: વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૨૪

સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે ૨૬ દિવસની ભૂખ હડતાળ પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સારા સ્વાસ્થ્ય માટે શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પર તેમણે સોનમ વાંગચુકને ડોક્ટરોની સલાહ મુજબ દિનચર્યા જાળવવા અને ઝડપથી સ્વસ્થ થવાની અપીલ





કરી હતી. ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં કેન્દ્રીય મંત્રીઓની હાજરીમાં વાંગચુકે ઉપવાસ સમાપ્ત કર્યો હતો. સરકારે પેપર લીક મુદ્દે પરીક્ષા પ્રણાલીમાં સુધારા, ફાસ્ટ-ટ્રેક કોર્ટની રચના અને પ્રદર્શનકારીઓ સામેના કેસ અંગે સકારાત્મક વલણ દર્શાવ્યું છે. બીજી તરફ, શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે વિરોધ ચાલુ રહેશે તેવી જાહેરાત પણ કરવામાં આવી છે. વડાપ્રધાને વિદ્યાર્થીઓના ભવિષ્યની સુરક્ષા માટે કડક કાયદાકીય પગલાં ભરવાની ખાતરી આપી છે.

## માલદા બીએસએફ કેમ્પમાં જવાનનો ગોળીબાર, બે સૈનિકોના થયા મોત

કોલકાતા, તા.૨૪

પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના વૈષ્ણવનગર સ્થિત બીએસએફ કેમ્પમાં એક જવાને અચાનક સાથી જવાનો પર ગોળીબાર કરતા બે સૈનિકોના મોત થયા હતા અને એક જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઘટનાના પગલે આરોપી જવાનની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ આરોપી અગાઉ પણ ગોળીબારના કેસમાં સજા ભોગવી ચૂક્યો હતો. ઘાયલ જવાનને માલદા



મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો છે. બીએસએફ અને સ્થાનિક પોલીસે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. ઘટનાથી કેમ્પમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવી છે.

## કોર્ટ કાર્યવાહીના વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરશો તો થશે કાર્યવાહી: સુપ્રીમ

નવી દિલ્હી, તા.૨૪

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કોર્ટની લાઈવ સ્ટ્રીમ થયેલી કાર્યવાહીના વીડિયો અથવા ઓડિયો પરવાનગી વિના સોશિયલ મીડિયા કે અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પર પોસ્ટ, શેર અથવા અપલોડ કરી શકાશે નહીં. આવા વીડિયોનું સંપાદન, ટૂંકી ક્લિપ બનાવવી કે મુદ્રીકરણ કરવું પણ પ્રતિબંધિત રહેશે. કોર્ટે જણાવ્યું કે આવું કરવા પહેલાં સંબંધિત સત્તાધિકારીની પૂર્વ મંજૂરી ફરજિયાત રહેશે. કોર્ટના મતે બદલાયેલા અથવા અધૂરા વીડિયો ગેરસમજ ફેલાવી શકે છે અને ન્યાયિક પ્રક્રિયાને અસર પહોંચાડી શકે છે. જોકે સમાચાર માધ્યમોની સામાન્ય રિપોર્ટિંગ પર આ આદેશની કોઈ અસર નહીં થાય. કોર્ટે આદેશ તમામ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટની સત્તાવાર વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની સૂચના આપી છે તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી જવાબ પણ માંગ્યો છે.

## દુબઈમાંથી દેશનિકાલ કરાયેલા ભારતીયોની સંખ્યામાં સતત વધારો

નવી દિલ્હી, તા.૨૪

વિદેશમાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયોના દેશનિકાલ અંગે કેન્દ્ર સરકારે સંસદમાં માહિતી આપી છે. સરકારી આંકડા મુજબ વર્ષ ૨૦૨૫માં યુએઈમાંથી સૌથી વધુ ૭,૮૯૬ ભારતીયોને દેશનિકાલ કરવામાં આવ્યા છે, જ્યારે અમેરિકામાંથી ૩,૫૦૦ ભારતીયો પરત મોકલાયા છે. મલેશિયા, મ્યાનમાર, કંબોડિયા,



કેનેડા, થાઈલેન્ડ અને અન્ય દેશોમાંથી પણ મોટી સંખ્યામાં ભારતીયોને દેશનિકાલ કરવામાં આવ્યા છે. સરકારે જણાવ્યું કે ગેરકાયદેસર સ્થળાંતર, વિઝા નિયમોના ભંગ, નકલી નોકરીઓ અને સાયબર છેતરપિંડી જેવા કારણોસર આવા કેસોમાં વધારો થયો છે. વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે જણાવ્યું કે વિદેશી સરકારો તમામ વિગતો શેર કરતી નથી, છતાં ભારતીય દૂતાવાસો અને સહાયતા કેન્દ્રો દ્વારા જરૂરિયાતમંદ નાગરિકોને સતત મદદ કરવામાં આવી રહી છે.

## ભારત-ચીન સંબંધોમાં સરહદ પર શાંતિ સૌથી જરૂરી: વિદેશમંત્રી એસ. જયશંકર

મનીલા,તા.૨૪

ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં ભારત અને ચીનના વિદેશ મંત્રીઓ વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ચીને બંને દેશોએ એકબીજાને ભાગીદાર તરીકે જોવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ચીનના વિદેશ મંત્રીએ જણાવ્યું કે બંને દેશો વચ્ચે સંવાદ, વેપાર અને સહયોગ વધવો જોઈએ તેમજ સરહદી



વિસ્તારોમાં શાંતિ જાળવવી જરૂરી છે. ભારતના વિદેશ મંત્રી જયશંકરે સ્પષ્ટ કહ્યું કે સામાન્ય દ્વિપક્ષીય સંબંધો માટે સરહદ પર શાંતિ અને સ્થિરતા સૌથી પહેલી અને આવશ્યક શરત છે. તેમણે પરસ્પર આદર, વિશ્વાસ અને સંવેદનશીલ મુદ્દાઓનો સન્માન જાળવવા પર ભાર મૂક્યો હતો. બેઠકમાં વેપાર ખાધ, ભારતીય કંપનીઓને ચીની બજારમાં પડતી મુશ્કેલીઓ તેમજ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ હતી. બંને દેશોએ ભવિષ્યમાં સંવાદ જાળવી રાખી સહકાર વધારવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તાજેતરના સમયમાં સરહદી તણાવમાં ઘટાડા બાદ બંને દેશોના સંબંધોમાં ધીમે ધીમે સુધારો જોવા મળી રહ્યો છે.

## ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું ન આપે ત્યાં સુધી જંતર-મંતર પર વિરોધ ચાલુ રહેશે: સીજેપી

નવી દિલ્હી, તા.૨૪

નીટ પેપર લીક મામલે કોકરોચ જનતા પાર્ટીનું જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન યથાવત રહ્યું છે.

સરકાર સાથે યોજાયેલી બેઠકમાં સીજેપીના પ્રતિનિધિઓએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સહિત ત્રણ મુખ્ય માંગણીઓ રજૂ કરી હતી. સંગઠને સ્પષ્ટ કર્યું કે રાજીનામું




ન મળે ત્યાં સુધી વિરોધ બંધ કરવામાં આવશે નહીં. સરકાર તરફથી મૃતક વિદ્યાર્થીઓના પરિવારોને વળતર અને વિદ્યાર્થીઓ સામે નોંધાયેલા કેસ પાછા ખેંચવાના મુદ્દે સૈધ્ધાંતિક સહમતિ દર્શાવવામાં આવી હોવાનું જણાવાયું છે, જ્યારે રાજીનામાના મુદ્દે વધુ ચર્ચા માટે સમય માંગવામાં આવ્યો છે. કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ બેઠકને સકારાત્મક ગણાવી હતી અને ફરી બેઠક યોજાશે તેવી માહિતી આપી હતી. બીજી તરફ સરકાર પેપર લીક અટકાવવા માટે કડક કાયદો લાવવાની તૈયારીમાં છે, જેમાં ફાસ્ટ-ટ્રેક કોર્ટ, કડક સજા અને ભારે દંડની જોગવાઈનો સમાવેશ કરવામાં આવશે.

## વડીયા-કુંકાવાવ, બગસરામાં બારે મેઘ ખાંગા, અનેક માર્ગો બંધ થતા વાહનવ્યવહાર ખોરવાયો

# અમરેલી જિલ્લામાં મુશળધાર વરસાદથી જળબંબાકાર

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લામાં મોડી રાતથી વહેલી સવાર સુધી વરસેલા મુશળધાર વરસાદે સમગ્ર જિલ્લામાં ભારે અસર સર્જી છે. અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદને કારણે નદીઓમાં નવા નીરની આવક થતાં પૂર જેવી સ્થિતિ ઉભી થઈ છે. સાવરકુંડલા તાલુકામાં ૨ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ઉપરવાસના વરસાદના કારણે શેત્રુજી નદીમાં ઘોડાપુર આવ્યુ હતુ જેથી જુના સાવર માર્ગ પાણી ગરકાવ થઈ ગયો હતો. વરસાદના કારણે અમરેલી તાલુકાનું બાબાપુર ગામ ચારેય તરફથી પાણીથી ઘેરાઈ જતાં ગામનો બહારની દુનિયા સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા વધુ ગંભીર બની રહી છે. નદીઓમાં પાણીની સપાટી સતત વધી રહી હોવાથી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. લોકોને નદી, કોઝવે અને પાણી ભરાયેલા માર્ગો પરથી પસાર ન થવા અપીલ કરવામાં આવી છે. જો વરસાદનો દોર યથાવત રહેશે તો વધુ વિસ્તારોમાં પણ પાણી ભરાવા અને વાહનવ્યવહાર પર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી બચાવ અને રાહત વ્યવસ્થા માટે સંબંધિત વિભાગોને સતર્ક રાખવામાં આવ્યા છે.



### કૃષ્ણગઢ નજીક નદીમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળતા ચકચાર

લાઠી તાલુકાના કૃષ્ણગઢ ગામ નજીક નદીમાંથી એક પુરુષનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં સ્થળ પર દોડી આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ વાડી વિસ્તારમાંથી પરત ફરી રહેલો ખેતમજૂર નદીના પાણીમાં તણાઈ ગયો હોવાની તંત્ર દ્વારા આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જાણ થતાં સંબંધિત તંત્ર અને બચાવ ટીમ સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને નદીમાંથી બહાર કાઢી જરૂરી પંચનામાની કાર્યવાહી બાદ પોસ્ટમોર્ટમ માટે લાઠી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને લઈને પોલીસે વધુ તપાસ શરૂ કરી છે અને મૃતકની ઓળખ તેમજ સમગ્ર બનાવની હકીકત જાણવા તપાસ ચાલી રહી છે.



### બગસરા-અમરેલી માર્ગ બંધ,ડેપો મેનેજરે બગસરા-અમરેલી વાયા કુંકાવાવ બસ દોડાવી

બગસરામાં સતત વરસાદને લીધે માત્ર ૭ કલાકમાં ૬ ઈંચ જેટલો વરસાદ પડી જતા નીચાળવાળા વિસ્તારમાં જળબંબાકાર સ્થિતિનું નિર્માણ થયુ હતુ. શહેરના વોકળા બે કાંઠ તેમજ સાતલડી નદી પણ બે કાંઠે વહી હતી. વોકળામાં સતત આવકને કારણે જેઠીયાવદર, માંડવડા સહિતના ગામોમાં રસ્તા અને પાણી એકસમાન બની ગયા હતા તો પાણીયા નજીક આવેલા પુલ પરથી ચાર ફૂટ પાણી વહી જતા વાહનવ્યહાર થંભી ગયો હતો. પુલ પરથી સવારના ૬થી ૧૧ વાગ્યા સુધી વાહનવ્યહાર બંધ રહ્યો હતો.બગસરાથી અમરેલી તરફ વહેલી સવારે જતી તમામ એસ.ટી.બસ વાયા કુંકાવાવ તરફ ચલાવવાની ફરજ પડી હતી. પાણીયા પરનો પુલ બંધ થઈ જતા મુસાફરોના સમયનો વ્યય ન થાય તે માટે બસને વાયા કુંકાવાવ ચલાવવી પડી હતી. બગસરા ડેપો મેનેજરે બસ બંધ કરવાને બદલે વાયા કુંકાવાવ તરફ બસ ચલાવવાનો આદેશ આપતા મુસાફરોએ રાહત અનુભવી હતી અને ડેપો મેનેજરનો આભાર માન્યો હતો.

### ભારે વરસાદથી બાબાપુર ગામ સંપર્ક વિહોણું



તસવીર : હસમુખ રાવલ

### લાઠીના માલવીયા પીપળીયા ગામે બાળા તણાઈ જતા મોત

લાઠી તાલુકાના માલવીયા પીપળીયા ગામે વાડીમાં મજૂરી કામ દરમિયાન અઢી વર્ષની નંદનીબેન મુવેલ વાડીમાંથી નીકળતા પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ જતાં અરેરાટી ફેલાઈ હતી. ઘટનાની જાણ થતાં ઈન્ચાર્જ ફાયર ઓફિસર હિંમતભાઈ બાંભણિયાના માર્ગદર્શન હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર જવાનોએ પોતાના જીવના જોખમે આશરે ચાર કલાક સુધી સતત શોધખોળ હાથ ધરી હતી. લગભગ ૬થી ૭ કિલોમીટર દૂર બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. બાદમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ડિઝાસ્ટર મામલતદારને સોંપવામાં આવ્યો હતો. મૃતક બાળકીનું મૂળ વતન અલીરાજપુર, મધ્યપ્રદેશ હોવાનું જાણવા મળ્યું છે.



માલવીયા પીપરીયા ગામે તણાઈ જતા બાળકીનું મોત

### વડીયા-કુંકાવાવ પંથકમાં ૮ ઈંચ વરસાદ ખાબક્યો

વડિયા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં મધ્યરાત્રી બાદ મેઘરાજાએ જોરદાર બેટિંગ કરી હતી. રાત્રે ત્રણથી પાંચ વાગ્યા દરમિયાન માત્ર બે કલાકમાં આશરે ૬ ઈંચ વરસાદ ખાબક્યો, જ્યારે કુલ વરસાદ ૮ ઈંચની આસપાસ નોંધાતા સમગ્ર વિસ્તાર જળબંબાકાર બન્યો હતો. ભારે વરસાદથી સુરવો, ફલકું અને સાંકરોળી નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ હતી. સુરવો ડેમમાં અંદાજે ૧૧ ફૂટ અને સાંકરોળી ડેમમાં ૧૮ ફૂટ જેટલા નવા નીરની આવક નોંધાઈ હતી. લાંબા વિરામ બાદ સારો વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. રામપુર, તોરી, અરજનસુખ, ખાન ખીજડીયા, મોરવાડા, ઢૂંઢિયા પીપળીયા, બાટવા દેવળી અને બરવાળા સહિતના ગામોમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો.

### ધારી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદથી ખેતરોમાં પાણી ભરાયા

ધારી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સતત ધોધમાર વરસાદ વરસતા અનેક ગામોમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. ભારે વરસાદના કારણે ગોપાલગ્રામ, ચલાલા, ગરમલી, સરખા, કથીવદર અને કેનાલપરા સહિતના વિસ્તારોમાં ખેતરો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ખેતરોમાં પાણી ભરાવાથી ઉભા પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. અનેક સ્થળોએ પાણીના જોરદાર વહેણને કારણે ખેતી સંબંધિત કામગીરી પણ અટકી પડી છે. વરસાદ યથાવત રહે તો ખેતીને વધુ નુકસાન થવાની શક્યતા હોવાથી ખેડૂતોમાં ચિંતા વધી છે.



તસવીર : મયુર પંડયા

### ચલાલામાં વરસાદ બાદ રસ્તા પર લીમડો ધરાશાયી

ચલાલા શહેરમાં આજે વહેલી સવારથી પડેલા વરસાદના કારણે ખાંભા–સાવરકુંડલા રોડ પર એક વિશાળ લીમડો રસ્તા પર ધરાશાયી થયો હતો. વૃક્ષ પડી જતાં રોડ પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો અને બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી હતી. ત્યારબાદ નગરપાલિકાનું જેસીબી મોકલીને વૃક્ષને ઝડપથી રસ્તા પરથી હટાવવામાં આવ્યું હતું. સમયસર કાર્યવાહી થતાં વાહનવ્યવહાર ફરી પૂર્વવત્ શરૂ થયો હતી.

### લીલીયામાં ૫ ઈંચ વરસાદથી નાવલી નદીમાં ઘોડાપૂર, આખલો તણાયો

લીલીયા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ૫ ઈંચ જેવા પડેલા મુશળધાર વરસાદના કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. શહેરની બજારમાંથી પસાર થતી નાવલી નદીમાં ભારે ઘોડાપૂર આવતા નદી બે કાંઠે વહેવા લાગી હતી. નદીનું પાણી બજાર વિસ્તારમાં આવેલી અનેક દુકાનોમાં ઘૂસી જતાં વેપારીઓમાં નુકસાનની ચિંતા વ્યાપી છે. પાણી ભરાવાના કારણે બજાર વિસ્તારમાં અવરજવર પણ પ્રભાવિત થઈ હતી. દરમિયાન પૂરના પ્રવાહમાં એક આખલો તણાઈ રહ્યો હોવાના લાઈવ દ્રશ્યો સામે આવ્યા હતા, જેને જોઈ લોકોમાં ચિંતા ફેલાઈ હતી. સ્થાનિક તંત્ર સ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને નદી કિનારે ન જવા અપીલ કરવામાં આવી છે.

### બગસરામાં ૬ કલાકમાં સાડા છ ઈંચ વરસાદ ખાબક્યો


બગસરામાં રાત્રીના બે વાગ્યાથી સવારના ૮ વાગ્યા સુધીમાં સાડા છ ઈંચ વરસાદ ખાબકતા શહેર જળબંબાકારની સ્થિતિમાં આવી ગયુ હતુ. રાત્રિના પડેલા ભારે વરસાદને કારણે લોકોને કેટલો વરસાદ પડ્યો તેનો ખ્યાલ જ રહ્યો નહોતો સવારે ઉઠતાની સાથે જ ઘરો અને ફળીયામાં પાણી જોવા મળ્યા હતા. બગસરામાં રાત્રીના સમયે જ શરૂ થયેલો વરસાદ વહેલી સવાર સુધીમાં સાડા છ ઈંચ જેટલો ખાબકતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા જેથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સતત વરસાદને કારણે મુંજીયાસર ડેમમાં અઢી ફૂટ નવા નીરની આવક થઈ હતી. ડેરી પીપરીયા ચોકડી પાસે વરસાદી પાણી ઝુંપડામાં ઘુસી જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ અંગે મામલતદાર પ્રશાંત ભીંડીએ જણાવ્યું હતું કે ભારે વરસાદમાં કોઈ જાનહાનિ કે નુકસાની થઈ હોવાના કોઈ સમાચાર નથી છતાં બગસરાનું વહીવટી તંત્ર સમગ્ર નજર રાખી રહ્યુ છે.

### લાઠીના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ



તસવીર : જગદીશ ખેર

લાઠી તાલુકાના રામપર, તાજપર, નાના રાજકોટ, પીપળવા અને અકાળા સહિતના ગામોમાં સારો વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા લોકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જોકે વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં ગરમીથી લોકોને રાહત મળી હતી. સ્થાનિક તંત્ર દ્વારા વરસાદી સ્થિતિ પર સતત નજર રાખી જરૂરી સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. લોકોને બિનજરૂરી મુસાફરી ટાળવા અને નદી-નાળા તેમજ પાણી ભરાયેલા વિસ્તારોની નજીક ન જવા અપીલ કરવામાં આવી છે. સારા વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.



## દાડમા ગામ નજીક બાઈક સાથે યુવક તણાતા ગ્રામજનોએ બચાવ્યો

લીલીયા, તા.૨૪

લીલીયા તાલુકાના દાડમા ગામ નજીક મોટા કણકોટ રોડ પર ભારે વરસાદ બાદ કોઝવે પરથી પસાર થવાનો પ્રયાસ કરતો એક બાઈક સવાર યુવક પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ ગયો હતો. કોઝવે પર પાણીનું વહેણ વધુ હોવાથી યુવક બાઈક સાથે સંતુલન ગુમાવી બેઠો અને પાણીમાં ખેંચાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં આસપાસ હાજર સ્થાનિક લોકો તરત જ દોડી આવ્યા હતા અને



જીવના જોખમે બચાવ કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત બાદ યુવકને પાણીમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં સફળતા મળી હતી. ઘટનામાં યુવકનો આબાદ બચાવ થતાં મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાનો વીડિયો પણ સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ભારે વરસાદ દરમિયાન પાણી ભરાયેલા કોઝવે પરથી પસાર ન થવા તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી રહી છે.